RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 378 Dt. 23-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# હોર્મુઝ બાદ નવો માર્ગ પણ ઠપ

## ભારત-ચીન આવતા સાઉદીના ઓઈલ ટેન્કર્સનો યુ-ટર્ન, દુનિયા માટે ટેન્શન

નવી દિલ્હી, તા.૨૨

અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ ભારત-ચીન જતા ૨ ક્રૂડ ટેન્કર્સને ધમકાવી પાછા વાળ્યા છે. સાઉદી અરેબિયાના યાનબૂ બંદરેથી ક્રૂડ ભરી નીકળેલા આ ટેન્કર્સ બાબ-અલ-મંદેબથી હિંદ મહાસાગરમાં પ્રવેશવાના હતા, પરંતુ ધમકીને પગલે તેઓ સ્વેઝ નહેર તરફ વળી ગયા. હવે તેમને લાંબો રસ્તો કાપવો પડશે. આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલના ભાવ ૨% વધ્યા છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધની વચ્ચે જે વાતનો સૌથી મોટો ડર હતો તે જ આખરે સામે આવ્યું છે. સ્ટ્રેટ ઑફ હોર્મુઝ બાદ હવે બીજો વોર ફ્રન્ટ ખુલી ગયો છે. યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોની ખુલ્લી ધમકી બાદ ભારત અને ચીન તરફ આવી રહેલા બે ક્રૂડ ઓઈલના ટેન્કર્સને યુ-ટર્ન લેવાની ફરજ પડી છે.

આ બંને ટેન્કર્સે રેડ સીમાં આવેલા સાઉદી અરેબિયાના યાનબૂ બંદરથી ભારત અને ચીન માટે ક્રૂડ ઓઈલ લોડ કર્યું હતું. તેમની યોજના મુજબનો માર્ગ બાબ-અલ-મંદેબ થઈને હિંદ મહાસાગરમાં પ્રવેશવાનો હતો. પરંતુ હુથી બળવાખોરો તરફથી મળેલી હુમલાની ધમકીઓને કારણે આ જહાજો હિંદ મહાસાગર તરફ જવાના બદલે ઊંધા ફરીને સ્વેઝ નહેર તરફ આગળ વધી ગયા છે. હવે આ ટેન્કર્સને ખૂબ જ લાંબો રસ્તો કાપીને પોતાની મુસાફરી પૂરી કરવી પડશે.

ઉત્તરી અને પશ્ચિમી યમન પર નિયંત્રણ ધરાવતા હુથી બળવાખોરોએ સાઉદી અરેબિયાની નૌસૈનિક ઘેરાબંધીની જાહેરાત કરી છે. તેમણે શિપિંગ કંપનીઓને પત્ર લખીને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જે પણ જહાજ સાઉદી ઓઈલ લોડ અથવા અનલોડ કરશે તેના પર સીધો હુમલો કરવામાં આવશે. યુદ્ધના કારણે ખાડી દેશોમાંથી બહાર નીકળવાનો મુખ્ય માર્ગ 'સ્ટ્રેટ ઑફ હોર્મુઝ' પહેલેથી જ બંધ થઈ ગયો છે, જેથી સાઉદી અરેબિયા માટે રેડ સી ઓઈલ નિકાસ માટેનો મુખ્ય વિકલ્પ બન્યો હતો. યાનબૂ પાઈપલાઈન દ્વારા દરરોજ લાખો બેરલ સાઉદી ઓઈલ આ જ માર્ગે મોકલવામાં આવતું હતું, પરંતુ હવે અહીં પણ નવો મોરચો ખુલતા મોટું સંકટ ઊભું થયું છે.

આ નવો તણાવ ઊભો થતાં જ આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલની કિંમતોમાં ૨%થી વધુનો વધારો નોંધાયો છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત ૯૧ ડોલર પ્રતિ બેરલને વટાવી ગઈ છે, જ્યારે અમેરિકન ગેસોલીનની કિંમત ફરી એકવાર ૪ ડોલર પ્રતિ ગેલનથી ઉપર પહોંચી ગઈ છે.

આ સમગ્ર ઘટનાક્રમ પર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન પણ સામે આવ્યું છે.




તેમણે જણાવ્યું કે હુથી બળવાખોરોએ હજુ સુધી બાબ અલ-મંદેબનો માર્ગ સંપૂર્ણપણે બંધ કર્યો નથી. ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો તેઓ આવું કરશે તો તેમની સામે સખત કાર્યવાહી કરવામાં આવશે.

આ સાથે જ તેમણે પુષ્ટિ કરી હતી કે યુદ્ધમાં અત્યાર સુધીમાં ૧૮ અમેરિકન સૈનિકો શહીદ થયા છે, જેમાં તાજેતરમાં જોર્ડન અને ઈરાકમાં અમેરિકન સૈન્ય મથકો પર થયેલા ઈરાની હુમલામાં માર્યા ગયેલા ચાર સૈનિકો પણ સામેલ છે.

બીજી તરફ, અમેરિકન સેનાએ સતત ૧૧મી રાત્રે ઈરાન પર ભારે બોમ્બમારો ચાલુ રાખ્યો છે. ઈરાનની રાજધાની તેહરાન ઉપરાંત દક્ષિણ-પૂર્વ તટીય શહેરો ચાબહાર અને કોનાર્કમાં પણ જોરદાર વિસ્ફોટો થયા છે. બુશેહર શહેરમાં પણ બે વિસ્ફોટો સંભળાયા હતા, જ્યાં ઈરાનનો એકમાત્ર પરમાણુ ઊર્જા પ્લાન્ટ આવેલો છે. આ પહેલા ઈરાને બહેરીન, કુવૈત અને જોર્ડનમાં આવેલા અમેરિકન સૈન્ય બેઝને નિશાન બનાવ્યા હતા અને હોર્મુઝના મુખ પર એક ટેન્કર પર હુમલો કર્યો હતો.

### કેન્દ્ર અને પોલીસને નોટિસ, આપ્યો આ આદેશ

# જંતર-મંતર લાઠીચાર્જ કેસ મામલે દિલ્હી HC લાલઘૂમ

નવી દિલ્હી, તા.૨૨

દિલ્હી હાઈકોર્ટે જંતર-મંતર પર થયેલા લાઠીચાર્જ મામલે કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસને નોટિસ પાઠવી છે. ચીફ જસ્ટિસ દેવેન્દ્ર ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે CCTV, બોડી કેમ ફૂટેજ સુરક્ષિત રાખવા આદેશ આપ્યો. અરજીકર્તાઓના વકીલોએ લાઠીચાર્જને ગેરબંધારણીય ગણાવ્યો, જ્યારે કેન્દ્ર સરકારે તેને 'પબ્લિસિટી સ્ટંટ' ગણાવી અરજીનો વિરોધ કર્યો. કોર્ટે ૪ અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.

દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શનકારીઓ પર થયેલા લાઠીચાર્જ અને કાર્યવાહીના મામલે દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસને નોટિસ ફટકારી જવાબ માંગ્યો છે. ચીફ જસ્ટિસ દેવેન્દ્ર ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે CCTV, બોડી કેમ ફૂટેજ અને તમામ રેકોર્ડ સુરક્ષિત રાખવા નિર્દેશ આપ્યા છે. કોર્ટે ૪ અઠવાડિયામાં જવાબ માંગ્યો છે, જેના પર બાદમાં અરજીકર્તા પોતાનો પક્ષ રજૂ કરશે.

અરજીકર્તાઓના વકીલોએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, સોનમ વાંગચુક અને અન્ય પ્રદર્શનકારીઓને જંતર-મંતર પરથી બળજબરીથી હટાવવા તથા લાઠીચાર્જ કરવો ગેરબંધારણીય હતો. વકીલ એન હરિહરને જણાવ્યું હતું કે, 'જ્યારે વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ પ્રદર્શન શરૂ કર્યું, ત્યારે તે તેમના બંધારણીય અધિકારોનો ભાગ હતું. પરંતુ બાદમાં પ્રદર્શનકારીઓ પર અતિશય બળપ્રયોગ અને બર્બરતા કરવામાં આવી




હતી, જે અત્યંત ચિંતાજનક છે.'

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે સવાલ કર્યો હતો કે, જો પોલીસના મતે આ ગેરકાયદે મંડળી હતી, તો કાયદામાં આવી સ્થિતિને પહોંચી વળવા ચોક્કસ પ્રક્રિયા નક્કી કરાયેલી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જ્યારે મોટી સંખ્યામાં લોકો જોડાયેલા હોય, ત્યારે દરેક વ્યક્તિને અલગથી ૠઈછ નોંધાવવા કહેવું યોગ્ય નથી.

કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા ASG રાજુએ અરજીનો વિરોધ કરતા કહ્યું હતું કે, 'આ અરજીઓ માત્ર પબ્લિસિટી અને લાઈમલાઈટ મેળવવા માટે કરવામાં આવી છે. જેમના પર કથિત હુમલો થયો છે તેમાંથી કોઈ સામે આવ્યું નથી. પ્રદર્શન શાંતિપૂર્ણ નહોતું, પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા અને વાહનોને નુકસાન પહોંચાડાયું હતું. જ્યારે હિંસા થાય ત્યારે પોલીસે કાર્યવાહી કરવી જ પડે છે.'

# તો બોમ્બથી પાવર પ્લાન્ટ ઉડાવી દઈશું: ટ્રમ્પ

### ઈરાન હોર્મુઝ જળમાર્ગમાં કોઈ જહાજ પર હુમલો કરશે તો.. ઈરાનને ટ્રમ્પની ધમકી



નવી દિલ્મહી, તા.૨૨

મધ્ય પૂર્વમાં તણાવ વધતા અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ખુલ્લી ધમકી આપી છે. ટ્રમ્પે જણાવ્યું કે, જો ઈરાન હોર્મુઝ જળમાર્ગમાં કોઈ જહાજ પર હુમલો કરશે, તો અમેરિકા તેના પાવર પ્લાન્ટ અથવા પુલ જેવા મહત્ત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તબાહ કરી દેશે. અમેરિકી સેનાએ ઈરાન સામે ૧૧મીની રાત્રે પણ ૭૫ મિનિટ સુધી હુમલા કર્યા. મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ખુલ્લી ધમકી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે જો ઈરાન હોર્મુઝ જળમાર્ગમાંથી પસાર થતાં કોઈપણ જહાજ પર હુમલો કરશે, તો અમેરિકા તેના જવાબમાં ઈરાનના મહત્ત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવીને તબાહ કરી દેશે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું હતું કે, 'હવેથી જ્યારે પણ ઈરાન હોર્મુઝ જળમાર્ગમાં કોઈપણ જહાજ પર મિસાઈલ, રોકેટ, ડ્રોન કે અન્ય હથિયારથી હુમલો કરશે, ત્યારે અમેરિકા તેના એક પુલ અથવા પાવર પ્લાન્ટને બોમ્બ ફેંકીને તબાહ કરી દેશે.' આ નિશાનાઓમાં રાજધાની તેહરાનમાં કે તેની આસપાસ આવેલા સ્થળો પણ સામેલ હશે.

ટ્રમ્પની આ ધમકી વચ્ચે અમેરિકી સેનાએ ઈરાન સામે સતત ૧૧મી રાત્રે સૈન્ય અભિયાન ચલાવ્યું હતું. યુએસ સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, મંગળવારે મોડી રાત્રે થયેલા આ હુમલા ૭૫ મિનિટ સુધી ચાલ્યા હતા, જેમાં ઈરાનના ઓપરેશન સેન્ટરો, ડ્રોન સ્ટોરેજ અને સૈન્ય લોજિસ્ટિક્સને નિશાન બનાવાયા હતા.

અમેરિકાનો આક્ષેપ છે કે ઈરાને છેલ્લા ૩ મહિનામાં હોર્મુઝ ક્ષેત્રમાંથી પસાર થતાં ૩૦થી વધુ વેપારી જહાજો પર હુમલા કર્યા છે. અમેરિકી સેનાનું કહેવું છે કે આ જવાબી કાર્યવાહીનો મુખ્ય હેતુ હોર્મુઝમાં વેપારી જહાજો માટે જોખમ ઊભું કરવાની ઈરાનની ક્ષમતાને નબળી પાડવાનો છે.

### ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલો સંઘર્ષ વધુ વિકરાળ બન્યો

આ વર્તમાન સંઘર્ષની શરૂઆત ૨૮ ફેબ્રુઆરીના રોજ થઈ હતી, જ્યારે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલા શરૂ કર્યા હતા. તેના જવાબમાં ઈરાને પણ ઈઝરાયલ અને ખાડી દેશોમાં આવેલા અમેરિકી લશ્કરી ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા. રિપોર્ટ મુજબ, આ યુદ્ધમાં અત્યાર સુધીમાં હજારો લોકોના મોત થયા છે અને લાખો લોકો વિસ્થાપિત થયા છે.

# NEET પેપર લીક વિવાદમાં અન્ના હજારેની એન્ટ્રી

## PM મોદીને પત્ર લખી આપી ચેતવણી, જવાબદાર વડાના રાજીનામાની માંગ

નવી દિલ્હી, તા. ૨૨

દેશભરમાં ભારે ચર્ચા જગાવનાર ગઊઊઝ પેપર લીક વિવાદ અને દિલ્હીમાં પ્રદર્શનકારીઓ પર પોલીસ કાર્યવાહીના મુદ્દે હવે પીઢ સામાજિક કાર્યકર અન્ના હજારેએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને સરકારની આકરી ઝાટકણી કાઢી છે. દેશના લાખો યુવાનો પેપર લીક અને બેરોજગારીથી પરેશાન છે ત્યારે તેમણે સરકારને સ્પષ્ટ શિખામણ આપી છે કે આંદોલનોને બળજબરીથી દબાવવાને બદલે વાતચીત દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ.

આ વર્ષે ૨૨ લાખ વિદ્યાર્થીઓએ NEET ની પરીક્ષા આપી હતી. પેપર લીક અને તેમાં થયેલી ગેરરીતિઓથી નિરાશ થઈને ૨૨ જેટલા માસૂમ બાળકોએ આત્મહત્યા કરી લીધી છે. અન્નાએ રોષ ઠાલવતા કહ્યું કે, જ્યારે પણ કોઈ ગડબડી થાય છે ત્યારે માત્ર નાના કર્મચારીઓ સામે જ કાર્યવાહી કરવામાં આવે છે અને મોટા અધિકારીઓ બચી જાય છે. ઉચ્ચ અધિકારીઓએ આ ઘટનાની સીધી જવાબદારી લેવી જ જોઈએ.

છેલ્લા ૨૫ દિવસથી રસ્તા પર બેઠેલા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને પોતાનું સમર્થન જાહેર કરતા અન્ના હજારેએ સ્પષ્ટ માંગ કરી છે કે જવાબદાર વિભાગના વડાનું તાત્કાલિક રાજીનામું લેવું જોઈએ. તેમણે નોંધ્યું છે કે, રાજીનામું લેવાથી કોઈ સરકાર પડી જતી નથી, પરંતુ તેનાથી સમગ્ર વહીવટી તંત્રમાં એક સ્પષ્ટ સંદેશ જાય છે કે સિસ્ટમમાં બેદરકારી સહેજ પણ ચલાવી લેવામાં આવશે નહીં.

દિલ્હીમાં તાજેતરમાં બનેલી ઘટનાઓ અને જાણીતા પર્યાવરણવિદ સોનમ વાંગચુકને અનશન સ્થળેથી હટાવવાની પોલીસ કાર્યવાહી પર પણ અન્નાએ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. આટલા દિવસોથી આંદોલન ચાલી રહ્યું હોવા છતાં સરકારી પ્રતિનિધિઓએ તેમની સાથે કોઈ વાતચીત કરી નથી. પ્રદર્શન કરી રહેલા લોકો આ દેશના જ નાગરિકો છે, માત્ર તેમના અવાજને વિપક્ષી અવાજ ગણીને ફગાવી દેવો લોકશાહીમાં યોગ્ય નથી.



આંદોલનો દબાવવાને બદલે વાતચીતથી ઉકેલ લાવો'': ૨૨ લાખ વિદ્યાર્થીઓના ભવિષ્ય અને ૨૨ આત્મહત્યા મુદ્દે વ્યક્ત કરી ગંભીર ચિંતા; સોનમ વાંગચુક સામેની કાર્યવાહીને વખોડી

### લોકશાહી અને મહાત્મા ગાંધીના મૂલ્યોની યાદ

મહાત્મા ગાંધીના સત્યાગ્રહ અને ભારતીય બંધારણીય મૂલ્યોની સરકારને યાદ અપાવતા અન્નાએ જણાવ્યું કે લોકશાહીમાં સંઘર્ષ કરતા વાતચીતનો માર્ગ હંમેશા વધુ ઉત્તમ રહ્યો છે. સરકારે સંયમ દાખવીને તાત્કાલિક વિદ્યાર્થીઓ અને નાગરિકો વચ્ચે ફરીથી વિશ્વાસ ઊભો કરવો જોઈએ.

# ઈરાનના 'શત્રુ' સાથે કરી ટ્રમ્પની ન્યૂક્લિયર ડીલ



સાઉદી અરેબિયાને યુરેનિયમ એનરિચમેન્ટની છૂટ આપી

નવી દિલ્હી, તા.૨૨

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સાઉદી અરેબિયા સાથે ૩૦ વર્ષના પરમાણુ કરારને લીલી ઝંડી આપી છે. આ કરાર હેઠળ, સાઉદી અરેબિયા હવે પોતાની જમીન પર નાગરિક પરમાણુ કાર્યક્રમ માટે યુરેનિયમ એનરિચમેન્ટ કરી શકશે. આ ઐતિહાસિક ડીલમાં અમેરિકન કંપનીઓ પણ ભાગીદાર બનશે. નિષ્ણાતોએ આ નિર્ણય સામે ચિંતા વ્યક્ત કરી છે, કારણ કે તેનાથી પશ્ચિમ એશિયાનું રાજકીય અને સૈન્ય સંતુલન બદલાઈ શકે છે.

:અમેરિકા અને ઈરાન વચ્ચે જે મુદ્દાને લઈને લાંબા સમયથી ભારે તણાવ અને યુદ્ધની સ્થિતિ બનેલી છે, તે જ પરમાણુ સંવર્ધન (યુરેનિયમ એનરિચમેન્ટ)ને લઈને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક અત્યંત મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ટ્રમ્પ વહીવટીતંત્રે સાઉદી અરેબિયા સાથે એક એવા પરમાણુ કરારને લીલી ઝંડી આપી દીધી છે, જેના હેઠળ સાઉદી અરેબિયા હવે પોતાની જમીન પર નાગરિક પરમાણુ કાર્યક્રમ માટે યુરેનિયમ એનરિચમેન્ટ કરી શકશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઐતિહાસિક ડીલની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવી શકે છે. આ કરાર ૩૦ વર્ષ માટે રહેશે અને તેમાં અમેરિકન કંપનીઓ પણ સાઉદી અરેબિયાના પરમાણુ કાર્યક્રમના વિકાસમાં સીધી રીતે ભાગીદાર બનશે. અમેરિકા અને સાઉદી અરેબિયાના સંયુક્ત અભ્યાસ બાદ દેશમાં યુરેનિયમ એનરિચમેન્ટ પ્લાન્ટ સ્થાપવાનો રસ્તો પણ સાફ થઈ જશે. સાઉદી અરેબિયા અને ઈરાન વચ્ચે વર્ષોથી ક્ષેત્રીય વર્ચસ્વની લડાઈ ચાલી રહી છે, તેવામાં સાઉદીને યુરેનિયમ એનરિચમેન્ટનો અધિકાર મળવાથી પશ્ચિમ એશિયાનું રાજકીય અને સૈન્ય સંતુલન સંપૂર્ણપણે બદલાઈ શકે છે.

પરમાણુ ક્ષેત્રના નિષ્ણાતોએ આ નિર્ણય સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. એક્સપટ્ર્સનું માનવું છે કે યુરેનિયમ એનરિચમેન્ટથી સીધા પરમાણુ હથિયાર નથી બનતા, પરંતુ તેનાથી ભવિષ્યમાં વેપન પ્રોગ્રામ (પરમાણુ હથિયારો) તરફ આગળ વધવાનો રસ્તો જરૂર ખુલી જાય છે. નોંધનીય છે કે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પહેલા પણ કહી ચૂક્યા છે કે જો ઈરાન પરમાણુ હથિયાર બનાવશે, તો સાઉદી અરેબિયા પણ તે જ દિશામાં આગળ વધશે.

આ પહેલા પણ જો બાઈડન અને ડોનાલ્ડ ટ્રમ્પ બંને સાઉદી અરેબિયા સાથે પરમાણુ સહયોગ માટે પ્રયાસો કરી ચૂક્યા હતા. બીજી તરફ, સંયુક્ત આરબ એમિરેટ્સ (UAE)એ અમેરિકા સાથે '૧૨૩ એગ્રીમેન્ટ' હેઠળ પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ શરૂ કર્યો હતો, પરંતુ તેમણે યુરેનિયમ એનરિચમેન્ટનો અધિકાર માગ્યો નહોતો. આથી જ અત્યાર સુધી ગઅઊ મોડેલને પરમાણુ સહયોગનું સૌથી સુરક્ષિત ઉદાહરણ માનવામાં આવતું હતું.

### સાઉદી-પાકિસ્તાન સંરક્ષણ સમીકરણ અને અમેરિકાની વ્યૂહનીતિ

સાઉદી અરેબિયા પહેલેથી જ પરમાણુ શક્તિ ધરાવતા પાકિસ્તાન સાથે પોતાનો સંરક્ષણ સહયોગ વધારી રહ્યું છે. તાજેતરના મહિનાઓમાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ પણ એવો સંકેત આપ્યો હતો કે જરૂર પડ્યે તેમનો પરમાણુ કાર્યક્રમ સાઉદી અરેબિયા માટે ઉપલબ્ધ કરાવી શકાય છે. આ તમામ પરિસ્થિતિઓને જોતા, ટ્રમ્પ વહીવટીતંત્રનો આ નિર્ણય માત્ર ઊર્જા ક્ષેત્ર પૂરતો મર્યાદિત નથી મનાઈ રહ્યો, પરંતુ તેને ઈરાન સામે અમેરિકાની એક નવી મોટો વ્યૂહનીતિ અને પશ્ચિમ એશિયાના બદલાતા ભૌગોલિક-રાજકીય સમીકરણો સાથે જોડીને જોવામાં આવી રહ્યો છે.

# ભારત ગ્લોબલ કોમ્પિટિશનમાં આગળ નીકળવા સજ્જ : CM

## સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટર્સ તરીકે ૩૦૧ નવ યુવાઓ રાજ્ય સરકારની સેવામાં જોડાયા : મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ તેમજ રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલ અને મુખ્ય સચિવ એમ.કે. દાસની ઉપસ્થિતિમાં યુવાનોને નિમણૂક પત્રો એનાયત કર્યા હતા

ગાંધીનગર, તા.૨૨

રાજ્ય સરકારમાં રાજ્ય કર નિરીક્ષક (સ્ટેટ ટેક્ષ ઈન્સપેક્ટર) તરીકે નવી નિમણૂક મેળવી રહેલા યુવાનોને આહવાન કર્યું કે, નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવીને રાજ્યની આવકમાં વૃદ્ધિ, નવા પ્રોજેક્ટ અને રોકાણો મેળવવા તથા તેના પરિણામે નવી રોજગારીની તકો ઊભી કરવાના તેમણે સંવાહક બનવાનું છે તેવું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિ અને રિફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મનો જે અભિગમ અપનાવ્યો છે તેના પરિણામે દેશમાં વિકાસ ક્રાંતિ સર્જાઈ છે.




ભારત આજે ગ્લોબલ કોમ્પિટીશન કરતો દેશ બન્યો છે. એટલું જ નહિં, હાઈડ્રોજન ટ્રેન જેવી પહેલથી વિકસિત દેશો સામે સજ્જતાથી ઉભો રહ્યો છે. રાજ્ય સરકારના નાણાં વિભાગમાં વેરા નિરીક્ષકોની ૩૦૧ જગ્યાઓ પરની સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવીને નવી નિમણૂક મેળવનારા યુવાનોને ગાંધીનગરમાં નિમણૂક પત્રો એનાયત કરતાં યુવાઓને વિકસિત ગુજરાતના નિર્માણના સંવાહક ગણાવ્યા હતાં. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ તેમજ રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલ અને મુખ્ય સચિવ એમ.કે. દાસની ઉપસ્થિતિમાં આ નિમણૂક પત્રો એનાયત કર્યા હતા.

સરકારી સેવામાં અને ખાસ કરીને ફાયનાન્સે જેવા વિભાગમાં સેવાની જે તક મળી છે તેને સારૂં સંચાલન અને પ્રમાણિકતાપૂર્વકની ફરજો અદા કરીને આ યુવાનોને નિભાવવાની છે. આપણું કાર્ય એવું હોવું જોઈએ કે સામેના વ્યક્તિની જે મુશ્કેલી હોય તે સરકાર તરીકે નિયમબદ્ધ રહીને ઉકેલી આપીએ અને તેને તકલીફ ન પડે એવો કાર્યમંત્ર પણ મુખ્યમંત્રીએ આ નવનિયુક્ત કર નિરીક્ષકોને આપ્યો હતો. વડાપ્રધાનએ વાયબ્રન્ટ સમિટ શરૂ કરાવી તેની સફળતાને કારણે ગ્લોબલ પ્લેટફોર્મ પર ગુજરાત રોકાણ-ઉદ્યોગ માટેનું બેસ્ટ પર્ફોર્મર બન્યું છે. હવે તમારે સૌએ ગુજરાતના આ વિકાસને વધુ ગતિ આપીને આગળ લઈ જવાનો છે એવી પ્રેરણા તેમણે આપી હતી. નવી નિમણૂંક મેળવી રહેલા આ યુવાનોને વિકસિત ગુજરાતના ભાવિ ઘડવૈયાઓ ગણાવતાં કહ્યું કે, વિકસિત ગુજરાત અને વિકસિત ગુજરાતથી વિકસિત ભારત તેમને સૌને જોવા મળશે એટલી લાંબી તમારી કેરિયર રહેવાની છે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના મંત્રને આત્મસાત કરીને સૌને સાથે મળીને સરકારી સેવક તરીકેની ભૂમિકા પ્રમાણિકતાપૂર્વક નિભાવવાનો મુખ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો.

સ્ટેટ ટેક્સ ડિપાર્ટમેન્ટમાં નવનિયુક્ત ૩૦૧ જેટલા સ્ટેટ ટેક્સ ઈન્સપેક્ટર્સના નિમણૂક પત્ર વિતરણ પ્રસંગે નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કઠિન પરીક્ષા ઉત્તીર્ણ કરીને સેવા ક્ષેત્રે જોડાયેલા યુવાનોએ જે મક્કમતા અને મહેનતથી સફળતા મેળવી છે, તે જ નિષ્ઠા પોતાની સમગ્ર સેવા દરમિયાન પણ જાળવી રાખવી જોઈએ. નાણાં અને ટેક્સ ડિપાર્ટમેન્ટને રાજ્યના અર્થતંત્રની મહત્વપૂર્ણ કરોડરજ્જુ ગણાવતા તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યની બેલેન્સ શીટ પોઝિટિવ રાખવાની તેમજ તમામ સર્વાંગી વિકાસ કાર્યો માટે નાણાકીય સ્થિરતા અને સંતુલન જાળવવાની આ વિભાગ પાસે અત્યંત જવાબદારીપૂર્વકની ભૂમિકા છે.

ટેક્સ વિભાગ રાજ્યની મહેસૂલી આવકનો મુખ્ય આધારસ્તંભ છે. નવનિયુક્ત કર્મચારીઓની પ્રાથમિક જવાબદારી છે કે કોઈ પણ પ્રમાણિક વેપારીને અકારણસર મુશ્કેલી કે અગવડતા ન પડે; કારણ કે વેપારીઓની સરળ કામગીરી અને આર્થિક સમૃદ્ધિ સીધી રીતે રાજ્યના આર્થિક હિત સાથે જોડાયેલી છે. તેમણે નવનિયુક્ત અધિકારીઓને સતત શીખવાની વૃત્તિ રાખવા અને વરિષ્ઠ અધિકારીઓના અનુભવનો લાભ લઈને નાગરિકો તથા વેપારીઓના વ્યાજબી પ્રશ્નોનો ઝડપી, પારદર્શી અને સકારાત્મક નિકાલ લાવવા નાયબ મુખ્ય મંત્રીએ જણાવ્યું હતું.

રાજ્યના જીએસટી (GST) ગ્રોથ રેટ અંગે વાત કરતાં નાયબ મુખ્ય મંત્રીએ ઉમેર્યું હતું કે, 'ટીમ ગુજરાત'ના સક્ષમ નેતૃત્વ હેઠળ GST કલેક્શન અને તેનો વિકાસ દર ઉત્સાહજનક રહ્યો છે. નવા ઊર્જાવાન અધિકારીઓના જોડાવાથી રાજ્યની મહેસૂલી આવકમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થશે, તેના પરિણામે ગુજરાતના સુદૂર વિસ્તારો સુધી જનકલ્યાણકારી યોજનાઓ અને પાયાના વિકાસ કાર્યો પહોંચાડી શકાશે. તેમણે તમામ નવનિયુક્ત સ્ટેટ ટેક્સ ઈન્સપેક્ટર્સને વેપાર-ઉદ્યોગ જગત સાથે યોગ્ય સંકલન સાધીને રાજ્યહિતમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

૨૦૧૭માં જીએસટી (GST) અમલમાં આવ્યા બાદ અનેક નીતિવિષયક સુધારાઓ થયા છે. ૪૦% અને ૨૮% ના ટેક્સ સ્લેબ ઘટીને ૧૮% જેવા સરળ દરો થયા છે, જે સમયગાળા દરમિયાન વિભાગમાં પણ હકારાત્મક બદલાવ આવ્યા છે.

આ ઉપરાંત સમગ્ર દેશમાં જીએસટી રિટર્ન ફાઈલ કરવાના કોમ્પ્લાયન્સમાં ગુજરાત વર્ષોથી ૯૯%થી વધુ દર સાથે પ્રથમ ક્રમે રહ્યું છે, જ્યારે ટેક્સ કલેક્શનમાં રાજ્ય અગ્રણી સ્થાન ધરાવે છે. આપણા વેપારીઓ અને ઉદ્યોગકારો સહયોગી હોઈ, તેમને વ્યાપારમાં સરળતા રહે તે માટે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ની ભાવનાથી મદદરૂપ થવું એ આપણી પ્રાથમિક ફરજ હોવાનું આ પ્રસંગે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

નવનિયુક્ત સ્ટેટ ટેક્સ ઈન્સપેક્ટર્સને સૂચન કર્યું હતું કે, આપણે માત્ર સત્તા ભોગવવા માટે નથી, પરંતુ નાગરિકોની સેવા કરવા માટે છીએ. વેપારીઓ અને નાગરિકો સરળતાથી ટેક્સ ચૂકવે તેવું વાતાવરણ રાજ્યમાં ઊભું કરવાનું છે. આ ટેક્સ રૂપે એકત્રિત થતી રકમનો ઉપયોગ ગુજરાત અને દેશના વિકાસ કાર્યોમાં થાય છે, તેથી યુવા અધિકારીઓ જેટલું શ્રેષ્ઠ કામ કરશે એટલું જ રાજ્યમાં વધુ સંપત્તિનું નિર્માણ થશે.

આ પ્રસંગે ઉમેદવારોનો ઉત્સાહ વધારતા રાજ્યના મુખ્ય સચિવ એમ. કે. દાસે જણાવ્યું હતું કે, આશરે ૨.૩૦ લાખથી વધુ ઉમેદવારોએ GPSCની આ કઠિન સ્પર્ધાત્મક પરીક્ષા આપી હતી, જેમાંથી પસંદગી પામેલા આપ ૩૦૧ અત્યંત પ્રતિભાશાળી કર્મચારીઓ છો. આ તમામ અધિકારીઓના કૌશલ્યનો લાભ આગામી સમયમાં ગુજરાતના આર્થિક વિકાસને મળશે. તેમણે ઉમેર્યું હતું કે, GST એ એક વિશિષ્ટ અને સંવેદનશીલ કાયદો હોવાથી અધિકારીઓએ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના મહત્વના ચુકાદાઓ -જજમેન્ટ્સ તેમજ લીગલ કેસ-લોનું સતત જ્ઞાન મેળવવું જરૂરી છે, જેથી ટેક્સ કન્સલ્ટન્ટ્સ સામે સક્ષમતાથી રાજ્યના હિતોનું રક્ષણ કરી શકાય.

કાર્યક્રમના પ્રારંભે નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. ટી. નટરાજને સ્વાગત પ્રવચન આપી ઉપસ્થિત મહાનુભાવો અને નવનિયુક્ત અધિકારીઓનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે, મુખ્ય રાજ્યવેરા કમિશનર રૂપવંતસિંઘે કાર્યક્રમમાં હાજર રહેલા તમામ મહાનુભાવો અને અતિથિઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં નાણાં ઈકોનોમિક અફેર્સના સચિવ સંદીપ કુમાર સહિત સ્ટેટ ટેક્સ ડિપાર્ટમેન્ટ સાથે જોડાયેલા ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ત્રણ જિલ્લાઓની ડિજિટલ સરપ્રાઈઝ વિઝિટ લેતા મુખ્યમંત્રી

**મુખ્યમંત્રી પહેલીવાર કોઈપણ આગોતરી જાણ કર્યા વિના ઓચિંતા જોડાયા અને જિલ્લા સ્વાગતની રજૂઆતો સાંભળી**

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સામાન્ય માનવીના પ્રશ્નોના નિવારણ માટે આગવી સંવેદનશીલતા દર્શાવીને મહેસાણા, કચ્છ અને ભાવનગરના જિલ્લા સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ગાંધીનગરથી વિડિયો વોલ મારફતે જોડાયા હતા. જિલ્લા-તાલુકા સ્વાગતમાં આવતી રજૂઆતોનો પેપર પર નિકાલ નહિ પરંતુ અરજદારને સંતોષ થાય તે રીતે નિવારણ લાવવા જિલ્લા કલેક્ટરોને તેમણે સ્પષ્ટ સૂચના આપી હતી.

મહેસાણામાં અરજદાર ફ્લેટ ધારકને બિલ્ડર પૈસા પરત ન આપતો હોવાની રજૂઆત અંગે જિલ્લા કલેક્ટરને બિલ્ડર પાસેથી વસૂલાત કરીને પૈસા અપાવવા સ્પષ્ટ સૂચનાઓ આપી.ભાવનગરના પાલિતાણામાં ગૌચર જમીન પર પાકા મકાનોના બાંધકામના કિસ્સામાં જમીન માપણીની કાર્યવાહી સત્વરે કરીને અરજદારને યોગ્ય ન્યાય અપાવવા જિલ્લા કલેક્ટરને મુખ્યમંત્રીની તાકીદ કરી હતી. કોઈપણ અરજદારને રાજ્ય સ્વાગતમાં રજૂઆત માટે આવવું જ ન પડે તે રીતે જિલ્લા




અને તાલુકા સ્વાગતમાં જ રજૂઆતોના ૧૦૦ ટકા નિકાલ માટે કલેક્ટરો ઈનિશ્યેટિવ લે તે માટે સૂચન કર્યું હતું.

પડતર રજૂઆતોનું ૧૫ દિવસથી ૧ મહિનામાં નિવારણ લાવીને અરજદારના ફોન નંબર સાથેની સંપૂર્ણ વિગતો મુખ્યમંત્રી કાર્યાલયને મોકલવા મુખ્યમંત્રીએ આદેશો આપ્યા હતા. જે પ્રશ્નો નિવારી શકાય તેમ ન હોય તો તેની સાચી અને સ્પષ્ટ સમજ અરજદારને આપવા અને વિભાગો વચ્ચેના પત્ર વ્યવહારથી સમસ્યા વધુ જટીલ ન બનાવવા જિલ્લા અધિકારીઓને સૂચનાઓ આપી. ગૌચર જમીનો પરના દબાણોના કિસ્સામાં માપણી ફી સરકાર ભરે તે માટેના સ્પષ્ટ દિશા નિર્દેશો આપ્યા.

જિલ્લા કલેકટરો સમક્ષ છેલ્લા ૬ માસમાં જિલ્લા સ્વાગતમાં રજૂઆત થઈ હોય પરંતુ જે-તે વિભાગ દ્વારા ગંભિરતા પૂર્વક ધ્યાન ન અપાયું હોય તેવા પ્રશ્નોનો રજૂઆત કર્તાના પરામર્શમાં ઉકેલ લાવીને તા. ૩૧ જુલાઈ સુધીમાં અહેવાલ આપવા મુખ્યમંત્રીએ સૂચનાઓ આપી. દર મહિનાના ચોથા મંગળવારે યોજાતા તાલુકા સ્વાગતમાં જિલ્લાના અધિકારીઓને હાજર રહીને રજૂઆત કર્તાના પ્રશ્નોના નિવારણમાં સક્રિયતા દાખવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીની આ ડિઝિટલ સરપ્રાઈઝ વિઝિટના પરિણામે જિલ્લા સ્વાગતમાં આવેલા રજૂઆત કર્તાઓએ મુખ્યમંત્રી સાથે સીધો સંવાદ કર્યો અને પોતાના પ્રશ્નોના નિરાકરણ માટેનો તેમનો વિશ્વાસ વધ્યો છે. મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે, સચિવ ડો. અજય કુમાર અને ખાસ ફરજ પરના અધિકારી ધિરજ પારેખ અને રાકેશ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતાં.

# ગુજરાતના અનેક જિલ્લામાં ૫ દિવસ ભારે વરસાદનું હવામાન ખાતાનું ઍલર્ટ

ગાંધીનગર,તા.૨૨

૨૫-૨૬ જુલાઈએ મહીસાગર, દાહોદ, પંચમહાલમાં અતિભારે વરસાદનું રેડ ઍલર્ટ છે. ૧૫થી વધુ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા છે. ૨૨ જુલાઈએ ઉમરગામમાં ૧૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો. સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં પણ ભારે વરસાદનું ઍલર્ટ છે.

દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી ૨૭ જુલાઈ સુધી ધોધમાર વરસાદની આગાહી કરી છે. જેમાં ૨૫-૨૬ જુલાઈના રોજ મહીસાગર, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં અતિભારે વરસાદને લઈને રેડ ઍલર્ટ જાહેર કર્યું છે. જ્યારે અન્ય ૧૫થી વધુ જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. નોંધનીય છે કે, ૨૨ જુલાઈએ સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૨૯ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડના ઉમરગામમમાં ૧૧ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે.

હવામાન વિભાગ અનુસાર, આવતીકાલે ગુરુવારે(૨૩ જુલાઈ) સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિતના જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જેમાં મહીસાગર, દાહોદ, પંચમહાલમાં રેડ ઍલર્ટ, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, ખેડા, વડોદરા, નર્મદા, છોટા ઉદેપુર, તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં ઑરેન્જ ઍલર્ટ અને બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ, સુરેન્દ્રનગર, આણંદ, ભરુચ, સુરત, ભાવનગર, અમરેલી, બોટાદમાં યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઑરેન્જ ઍલર્ટઃ સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, મહેસાણા, ખેડા, પંચમહાલ, છોટા ઉદેપુર.

યલો ઍલર્ટઃ વાવ-થરાદ, બનાસકાંઠા, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરુચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, ડાંગ, વલસાડ, વાવ-થરાદ, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, મહીસાગર, દાહોદ.

**હવામાન વિભાગે ગુજરાતમાં ૨૭ જુલાઈ સુધી ધોધમાર વરસાદની આગાહી**

## તાંબાના વાયરની ચોરીની શંકામાં

# મજૂરને ખાટલે બાંધી ઢોર માર મારતા મોત : ૯ સામે ગુનો

## મઘરવાડાની 'કાવ્યા એલોય' ફેક્ટરીમાં બની ઘટના; ચોરીના સાગરીતોના નામ કઢાવવા માલિકના પુત્ર, મેનેજર સહિત ૯ શખ્સોએ મશીનના પટ્ટા અને નળીઓથી ફટકાર્યો; કુવાડવા રોડ પોલીસમાં હત્યાનો ગુનો નોંધાયો


AI તસ્વીર

રાજકોટ, તા.૨૨

રાજકોટ નજીક કાયદો હાથમાં લઈ લેવાની એક અત્યંત ક્રૂર અને ગંભીર ઘટના સામે આવી છે. કુવાડવા રોડ પોલીસ મથકની હદમાં આવતા મઘરવાડા ગામની 'કાવ્યા એલોય પ્રાઈવેટ લિમિટેડ' નામની ફેક્ટરીમાં તાંબાના વાયરની ચોરી પકડાતા, કારખાનાના સંચાલકોએ પોલીસને જાણ કરવાને બદલે જાતે જ સજા આપવાનું નક્કી કર્યું હતું. કારખાનાના માલિકના પુત્ર, મેનેજર અને અન્ય શ્રમિકોએ ભેગા મળીને ચોરીની શંકા હેઠળ એક પરપ્રાંતીય મજૂરને ખાટલા સાથે બાંધીને ઢોર માર મારતા તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

પોલીસમાં નોંધાયેલી સત્તાવાર વિગતો અનુસાર મૂળ ઉત્તરપ્રદેશના બહેરાઇચ જિલ્લાના દોલતપુરા ગામનો વતની અને હાલ મઘરવાડામાં 'કાવ્યા એલોય' ફેક્ટરીમાં કામ કરતો ૨૦ વર્ષીય સર્વેશ સુશીલકુમાર ચૌહાણ આ કેસમાં ફરિયાદી છે. સર્વેશનો પિતરાઈ ભાઈ (મોટા બાપુનો દીકરો) ચંદ્રવીર ભગવતી ચૌહાણ (ઉ.વ. ૪૦) પણ આ જ ફેક્ટરીમાં છેલ્લા બે મહિનાથી મજૂરીકામ કરતો હતો. ગત તા. ૨૧/૦૭/૨૦૨૬ ની રાત્રે કારખાનાના મેનેજર સનીભાઈ અને પાર્થભાઈએ ચંદ્રવીરને આશરે ૩૫ કિલો કોપરના (તાંબાના) વાયરની ચોરી કરતા રંગેહાથ પકડ્યો હતો. આ બાબતની જાણ ફરિયાદી સર્વેશને રાત્રે દોઢેક વાગ્યે કરવામાં આવી હતી અને ચંદ્રવીરને કારખાનાના ગાભા ખાતામાં ગોંધી રાખવામાં આવ્યો હતો.

તા. ૨૨/૦૭/૨૦૨૬ ના રોજ સવારે આઠેક વાગ્યાની આસપાસ ફેક્ટરીના ગેઈટ પાસે કારખાનાના માલિક ભાવેશભાઈ લીંબાસીયાના પુત્ર સાહિલભાઈ, મેનેજર સનીભાઈ અને અન્ય આરોપીઓએ ભેગા મળીને ચંદ્રવીરને ખાટલા પર ઊંધો સુવડાવી દીધો હતો અને તેને દોરીથી બાંધી દીધો હતો. આરોપીઓ ચંદ્રવીરને માર મારતા પૂછતા હતા કે ચોરી કરવામાં તેની સાથે બીજું કોણ કોણ મદદમાં સામેલ હતું. વારાફરતી તમામ આરોપીઓએ ખાટલા પર બાંધેલા ચંદ્રવીરને પાછળના ભાગે પ્લાસ્ટિકની નળી અને મશીનના પટ્ટા વડે બેફામ માર મારવાનું શરૂ કર્યું હતું.

ફરિયાદી સર્વેશે પોતાના ભાઈને છોડી દેવા કાકલૂદી કરી હતી અને કહ્યું હતું કે ''વધુ ના મારશો નહીંતર મારો ભાઈ મરી જશે'', તેમ છતાં માલિકના પુત્ર સાહિલભાઈએ ''આજ તો આને ચોરીની સજા આપવાની જ છે'' કહીને માર મારવાનું ચાલુ રખાવ્યું હતું. સતત એકાદ કલાકના ઢોર મારને કારણે ચંદ્રવીર બેભાન થઈ ગયો હતો. એકાદ કલાક બાદ તેને પાણી પીવડાવવા જતા તે બેભાન હાલતમાં હતો અને કોઈ પ્રતિભાવ આપતો ન હતો. ફેક્ટરીના માલિક ભાવેશભાઈને જાણ કરાતા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવાઈ હતી, જ્યાં ફરજ પરના સ્ટાફે ચંદ્રવીરને મૃત જાહેર કર્યો હતો.

આ ઘાતકી ઘટના મામલે ફરિયાદી સર્વેશની ફરિયાદના આધારે કુવાડવા રોડ પોલીસ મથકના પી.આઈ. એ.એન. જાનીએ ૯ આરોપીઓ સામે ઈગજ ની કલમ ૧૦૩(૧) (હત્યા), ૧૧૫(૨), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) અને જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી સઘન તપાસ હાથ ધરી છે. જેઓની સામે ગુનો નોંધાયો છે તેમાં સની રૈયાણી (મેનેજર), પાર્થ હાપલીયા, ડેનીશ હાપલીયા, સત્યમ ડોબરીયા, સાહિલ ભાવેશ લીંબાસીયા (માલિકનો પુત્ર), રમેશ સિદ્ધાર્થ, વિશાલ જાટપ , રાજુ ઠાકોર અને મુન્ના વર્મા (આ તમામ રહે. રાજકોટ)ના છે તથા અન્ય અજાણ્યા માણસો પણ સામેલ હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. પોલીસની આકરી કાર્યવાહીથી કાયદો હાથમાં લેનારા તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

# શિક્ષણ મંત્રી રાજીનામું આપે શક્તિસિંહ ગોહિલ



## ‘છાત્ર કી ગુંજ’ કાર્યક્રમમાં કોંગ્રેસના પીઢ નેતા ગોહિલે કેન્દ્ર સરકાર પર કર્યા સખત પ્રહારો

રાજકોટ, તા. ૨૨

હાલમાં સમગ્ર દેશમાં ગઊઊઝ પેપર લીક મુદ્દે ભારે હોબાળો ચાલી રહ્યો છે. દિલ્હીમાં વાંગચૂકનું ઉપવાસ આંદોલન અને કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહેલા વ્યાપક દેખાવો વચ્ચે રાહુલ ગાંધી સહિતના નેતાઓની અટકાયત કરવામાં આવી છે. આ સિવાય દેખાવકારો ઉપર લાઠીચાર્જ અને દમનકારી નીતિ અપનાવવામાં આવી રહી હોવા છતાં વર્તમાન ભાજપની કેન્દ્ર સરકાર જાગતી નથી અને શિક્ષણ મંત્રી નૈતિકતા સ્વીકારીને રાજીનામું આપતા નથી. આ તીખો આક્ષેપ આજે રાજકોટ સ્થિત હેમુ ગઢવી હોલ ખાતે યોજાયેલા કોંગ્રેસના ‘છાત્ર કી ગુંજ’ કાર્યક્રમ દરમિયાન એક પત્રકાર પરિષદમાં કોંગ્રેસના પીઢ નેતા અને પૂર્વ સાંસદ શક્તિસિંહ ગોહિલે કર્યો હતો.પત્રકાર પરિષદમાં પૂર્વ સાંસદ ગોહિલે દેશની વર્તમાન પરિસ્થિતિ અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વર્તમાન સરકારના રાજમાં દેશનું વાતાવરણ ખૂબ જ ડહોળાયેલું છે. દેશવ્યાપી પેપર લીકના કૌભાંડો થવા છતાં સરકારને વિદ્યાર્થીઓના ભવિષ્યની કોઈ જ ચિંતા નથી. વિદ્યાર્થીઓને ન્યાય આપવાના બદલે તેમની વાત સાંભળવામાં જ આવતી નથી, જે અત્યંત નિંદનીય બાબત છે. ભારતનું બંધારણ દરેક નાગરિકને વાણી સ્વાતંત્ર્યનો અધિકાર આપે છે, પરંતુ વર્તમાન ભાજપ સરકાર કોઈનું પણ સાંભળવા માટે તૈયાર નથી.કેન્દ્ર સરકારને નૈતિકતાનો પાઠ ભણાવતા શક્તિસિંહ ગોહિલે અગાઉની કોંગ્રેસ સરકારનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે યાદ અપાવ્યું હતું કે, ડો. મનમોહન સિંહના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકાર વખતે જ્યારે દેશમાં બંધારણનો પૂરતો અમલ થતો હતો, ત્યારે તત્કાલીન રેલવે મંત્રી બંસલના ભાણેજ પર એક ગંભીર આક્ષેપ થયો હતો. તે સમયે કોઈ જ વિલંબ કર્યા વિના નૈતિકતાના ધોરણે રેલવે મંત્રીએ તુરંત પોતાનું રાજીનામું સોંપી દીધું હતું. તેની સરખામણીએ આજે પેપર કાંડ મુદ્દે આટલો મોટો આક્રોશ અને હોબાળો હોવા છતાં વર્તમાન શિક્ષણ મંત્રી નૈતિકતા દાખવી રાજીનામું આપતા નથી. જો શિક્ષણ મંત્રીમાં ખરેખર નૈતિકતા બચી હોય તો તેમણે તુરંત પદ છોડી દેવું જોઈએ.વધુમાં, પોતાના વિપક્ષ તરીકેના કાર્યકાળને યાદ કરતા ગોહિલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં જ્યારે તેઓ સાંસદ હતા ત્યારે પણ ગઊઊઝનું પેપર લીક થયું હતું. એ સમયે તેમણે પોતે સંસદમાં આ ગંભીર મુદ્દે સરકારનું ધ્યાન દોર્યું હતું અને કડક પગલાં લેવાની માંગણી કરી હતી. પરંતુ સરકારે ત્યારે આ વિષયને ગંભીરતાથી લીધો ન હતો. જો ૨૦૨૪ના એ પેપર કાંડ વખતે જ સરકારે યોગ્ય અને કડક કાર્યવાહી કરી હોત, તો આજે દેશના લાખો નિર્દોષ વિદ્યાર્થીઓને ફરીથી આ પેપર કાંડનો ભોગ બનવું પડ્યું ન હોત.



# લોકમેળાના નામ કરણ માટે ૪,૦૦૦થી વધુ એન્ટ્રી

## ભાતીગળ મેળાના ‘નામકરણ’ માટે નગરજનોનો અભૂતપૂર્વ પ્રતિસાદ

રાજકોટ, તા. ૨૨

રાજકોટના ઐતિહાસિક રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આગામી તા. ૨ સપ્ટેમ્બરથી પાંચ દિવસ માટે લોકપ્રિય ભાતીગળ લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવાયો છે. મેળો સૌરાષ્ટ્રની આગવી ઓળખ સમાન હોય, તેને આકર્ષક નામ આપવા માટે નગરજનો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા છે, જેને પ્રતિસાદરૂપે અત્યાર સુધીમાં ૪,૦૦૦ જેટલા શીર્ષકો સબમિટ થઈ ચૂક્યા છે. લોકમેળાના આકર્ષક શીર્ષક માટેની સ્પર્ધામાં ભાગ લેવા માટે ગઈકાલે (તા. ૨૨ જુલાઈ) અંતિમ દિવસ હતો. સમયમર્યાદા પૂર્ણ થયા બાદ આવેલી એન્ટ્રીઓને પસંદગી પ્રક્રિયા માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

જે સ્પર્ધકનું શીર્ષક લોકમેળાના અધિકૃત નામ તરીકે પસંદ કરવામાં આવશે, તેમને વહીવટીતંત્ર દ્વારા યોગ્ય પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવશે. પ્રાપ્ત થયેલી તમામ એન્ટ્રીઓમાંથી લોકમેળા સમિતિ દ્વારા આખરી નામ પસંદ કરવામાં આવશે. આ અંગે લોકમેળા સમિતિનો નિર્ણય આખરી અને આખરી ગણાશે. બીજી તરફ, લોકમેળાના સ્ટોલ અને ચકડોળ માટેના ફોર્મનું વિતરણ પણ શરૂ થઈ ચૂક્યું છે, જેને પગલે તંત્ર દ્વારા આયોજનને આખરી ઓપ આપવાની કામગીરી પૂર્ણ જોશમાં ચાલી રહી છે.

# ન્યુ કેદારનાથ સોસાયટીમાં અશાંતધારાના ભંગ અંગે રજૂઆત

## રહીશોના ટોળા કલેક્ટર કચેરીએ ઉમટ્યાઃ ગેરકાયદેસર મકાનોની લે-વેચને લઈને ભારે રોષ



રાજકોટ, તા. ૨૨

રાજકોટ શહેરના વોર્ડ નંબર ૧૬માં આવેલી ન્યુ કેદારનાથ સોસાયટીમાં કાયદાના ઉલ્લંઘન અને ગેરકાયદેસર મકાનોની લે-વેચને લઈને રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સોસાયટીમાં અશાંતધારાનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો હોવાના ગંભીર આરોપો સાથે આજે વિસ્તારના રહીશો વિશાળ સંખ્યામાં એકત્ર થઈ કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. રહીશોએ આ મામલે અધિક કલેક્ટર બારોટને આવેદનપત્ર સુપ્રત કરી ત્વરિત અને સખત કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

ન્યુ કેદારનાથ સોસાયટીના અગ્રણી રહીશોએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે આ વિસ્તારની અનેક સોસાયટીઓમાં અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે. કાયદા મુજબ ચોક્કસ મંજૂરીઓ વિના મકાનની લે-વેચ થઈ શકતી નથી, છતાં છેલ્લા ઘણા સમયથી કેટલાક તત્વો અને દલાલો દ્વારા કાયદાની વિરુદ્ધ જઈને મકાનોની ખરીદ-વેચાણ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. અશાંતધારાના ભંગ અંગે રહીશો દ્વારા અગાઉ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં પણ સત્તાવાર ફરિયાદ કરવામાં આવી હતી. છતાં, મકાનોની લે-વેચ કરતા દલાલો પર તેની કોઈ અસર થઈ નથી અને તેઓએ પોતાની પ્રવૃત્તિઓ ચાલુ જ રાખી છે. સોસાયટીના ૪૦ ફૂટના મુખ્ય રોડ પર આવેલા ૫ થી ૬ મકાનોનું સોસાયટીના અન્ય રહીશોને અંધારામાં રાખી અને ગેરમાર્ગે દોરીને વિધર્મીઓને વેચાણ કરી દેવામાં આવ્યું છે. રહીશોએ કલેક્ટર સમક્ષ સ્પષ્ટ માંગ કરી છે કે ગેરકાયદેસર રીતે અને અશાંતધારાનો ભંગ કરીને કરવામાં આવેલા તમામ મકાનોના વેચાણ કરાર તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે. અમુક નોટરીઓ અને વકીલો કાયદાકીય મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને વિધર્મીઓને મકાન વેચાણના કરાર બનાવી આપી રહ્યા છે. તાજેતરમાં જ એક બેંક દ્વારા જપ્ત કરાયેલા મકાનની જાહેર હરાજી રાખવામાં આવી હતી. આ હરાજીમાં વિધર્મી દ્વારા ઊંચી બોલી બોલાતાં બેંકે તેઓને મકાન ફાળવી દીધું હતું. અશાંતધારા હેઠળ આવતા વિસ્તારમાં આ પ્રકારે મકાનની ફાળવણી કરવી નિયમોની વિરુદ્ધ અને અયોગ્ય છે. કલેક્ટર કચેરીએ ઉમટેલા રહીશોએ તંત્રને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જો અશાંતધારાનું ઉલ્લંઘન કરનારા દલાલો, નોટરીઓ અને ગેરકાયદેસર ખરીદદારો સામે કડક પગલાં લેવામાં નહીં આવે અને સોસાયટીને રેગ્યુલાઈઝ કરવાનો પ્રશ્ન ઉકેલવામાં નહીં આવે તો રહીશો આગામી સમયમાં વિરોધ પ્રદર્શન વધુ તેજ બનાવશે. અશાંતધારાના ભંગ ઉપરાંત સોસાયટીના રહીશોએ પોતાના વર્ષો જૂના પ્રશ્ન અંગે પણ કલેક્ટરનું ધ્યાન દોર્યું હતું. ન્યુ કેદારનાથ સોસાયટી ૩૫ વર્ષ જૂની છે. સોસાયટીની સનદો આવી ગઈ હોવા છતાં, આ સોસાયટીને રેગ્યુલાઈઝ (નિયમિત) કરવાનો પ્રશ્ન હજુ સુધી અદ્ધરતાલ લટકેલો છે. રહીશોએ માંગ કરી છે કે સોસાયટીને વહેલામાં વહેલી તકે રેગ્યુલાઈઝ કરવામાં આવે જેથી સ્થાનિકોને કાયદાકીય સુરક્ષા અને હક મળી શકે.

# શહેર ભાજપ દ્વારા વોર્ડ નં. ૧ થી ૬નો સંગઠનાત્મક પ્રવાસ

## હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સાથે યોજાશે બેઠકોઃ સરકારની કલ્યાણકારી યોજનાઓ લોકો સુધી આવશે પહોંચાડવામાં

રાજકોટ, તા. ૨૨

આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીને ધ્યાને લઇ દરેક રાજકીય પક્ષ દ્વારા આડકતરી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે રાજકોટ શહેર ભાજપ દ્વારા પણ હાલ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ભાજપના કાર્યકર્તાઓના જણાવ્યા અનુસાર પાર્ટીનો દરેક કાર્યકર્તા દેશના સર્વાંગી વિકાસ માટે સમર્પિત ભાવે કાર્ય કરી રહ્યો છે. સંગઠનમાં વિવિધ જવાબદારીઓ નિભાવીને કાર્યકર્તાઓ સેવાકીય નેતૃત્વના ઉત્કૃષ્ટ ગુણો પ્રાપ્ત કરે છે. સંગઠનના માધ્યમથી કાર્યકર્તાઓ કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી ઘર-ઘર સુધી પહોંચાડી રહ્યા છે, જેથી આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપનું કમળ સંપૂર્ણ રીતે ખીલી ઊઠે.આગામી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય સુનિશ્ચિત કરવાના લક્ષ્યાંક સાથે, ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ વિશેષ સંગઠનાત્મક આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજકોટ શહેરના દરેક વોર્ડમાં સ્થાનિક કાર્યકર્તાઓ અને હોદ્દેદારોને રૂબરૂ મળવા માટેનો પ્રવાસ કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે. તમામ વરિષ્ઠ હોદ્દેદારો વોર્ડ નં. ૧ થી ૬ ના વોર્ડ પ્રમુખના નિવાસસ્થાને રૂબરૂ મુલાકાત લઈને રાજકોટ શહેર સંગઠનને મજબૂત બનાવવા અંગે ગહન ચર્ચા-વિચારણા કરશે.વોર્ડ પ્રમુખના નિવાસસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવશે. જેમાં વોર્ડના પ્રભારી, પ્રમુખ, મહામંત્રી તેમજ વોર્ડમાંથી ચૂંટાયેલા કોર્પોરેટર સાથે રૂબરૂ મુલાકાત કરાશે.બીજી તરફ સ્થાનિક સંગઠનને લગતા પ્રશ્નોનું નિવારણ અને આગામી સમયના કાર્યક્રમો અંગે વિસ્તૃત રૂપરેખા તૈયાર કરવામાં આવશે. આગામી ચૂંટણીઓમાં પક્ષનો ભવ્ય વિજય થાય અને દેશભરમાં કમળ સંપૂર્ણ રીતે ખીલી ઊઠે તે હેતુથી રાજકોટ શહેર ભાજપ દ્વારા અત્યારથી જ સંગઠનાત્મક તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે કરેલાં જનકલ્યાણકારી અને વિકાસ કામોને દેશ-વિદેશમાં બિરદાવવામાં આવી રહ્યા છે. આ કામો અને યોજનાઓની માહિતી સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે રાજકોટ શહેર ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ સક્રિય બન્યા છે.



# NEET પેપર લીક વિરોધમા કોંગ્રેસનું ઉગ્ર પ્રદર્શન

રાજકોટ, તા. ૨૨

ગઊઊઝ પેપર લીક મામલે દેશભરમાં વિરોધનો વંટાળ વાઈ રહ્યો છે. દિલ્હી ખાતે વડાપ્રધાન નિવાસસ્થાન નજીક શાંતિપૂર્ણ રીતે ધરણા કરી રહેલા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિતના રાષ્ટ્રીય નેતાઓની પોલીસે કરેલી અટકાયતના વિરોધમાં રાજકોટ જિલ્લા અને શહેર કોંગ્રેસ દ્વારા ભારે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો રસ્તા પર ઉતરી આવતા માહોલ ગરમ થયો હતો. ધરણા અને વિરોધ કાર્યક્રમ શરૂ થતાં જ પોલીસે આક્રમક વલણ અપનાવી કાર્યકરોની અટકાયત કરવાનું શરૂ કરી દીધું હતું. શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહ જાડેજા, ગજાભઈ, યુવક કોંગ્રેસ તેમજ મહિલા મોરચાના અનેક હોદ્દેદારો અને કાર્યકરોએ એકઠા થઈને ભાજપ સરકાર વિરુદ્ધ ભારે ઘર્ષણ સાથે ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે અનેક કાર્યકરોની ટીંગાટોળી કરીને પોલીસ વાનમાં પૂરી દીધા હતા. આ અટકાયતી કાર્યક્રમ દરમિયાન ઘટનાસ્થળે ભારે અફડાતફડી અને ધક્કામુક્કીનો માહોલ સર્જાયો હતો. દોડધામના આ માહોલમાં એક મહિલા પોલીસ જવાન પણ જમીન પર પડી ગયા હતા.

સ્થિતિને વણસતી અટકાવવા માટે પોલીસે સ્થળ પર ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. સમગ્ર વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે કડક કાર્યવાહી કરતા પ્રદ્યુમ્નનગર (પ્ર.નગર) પોલીસે ૪૦ કાર્યકરોની અટકાયત કરી હતી જ્યારે એ-ડિવિઝન પોલીસે ૩૧ કાર્યકરોની અટકાયત કરી હોવાનું માલુમ પડ્યું છે. પોલીસની આ કાર્યવાહીને પગલે થોડા સમય માટે વિસ્તારમાં ભારે ઉત્તેજના અને તણાવપૂર્ણ વાતાવરણ જોવા મળ્યું હતું. રાજકોટમાં યોજાયેલા આ વિરોધ કાર્યક્રમમાં કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ મોટી સંખ્યામાં એકઠા થયા હતા. જોકે, ધરણા અને વિરોધ પ્રદર્શન શરૂ થાય તે પૂર્વે જ પોલીસે કડક વલણ અપનાવ્યું હતું. સ્થળ પર અગાઉથી જ કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

## ૭૧ કાર્યકરોની અટકાયતઃ શહેર કોંગ્રેસ પ્રમુખ સહિત NSUI, યુવક કોંગ્રેસ અને મહિલા મોરચાના આગેવાનોની ટીંગાટોળી

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# શાસક-વિપક્ષ બંનેની પરીક્ષા

## પેપર ફટવા મામલે સરકાર પર ભીંસઃ વિપક્ષ લાભ લઇ શકશે કે..




કોકરોચે શરુ કરેલી લડતે બરાબરનો ગરમાવો સર્જ્યો છે. આ સ્થિતિ શાસક અને વિપક્ષ બંને માટે કસોટી સમાન છે. મોદી સરકાર સામે પ્રથમ વખત આકરો અવાજ ઉઠ્યો છે. લડતવીરો પ્રધાનના રાજીનામા માટે અક્કડ છે. લડત દિનપ્રતિદિન વિસ્તરતી જાય છે. સરકાર માટે આ સમય કસોટીનો છે. બીજી બાજુ વિપક્ષને પણ આવી તક પ્રથમ વખત મળી છે. કોકરોચે સર્જેલી સ્થિતિનો લાભ લેવા દરેક વિપક્ષો મેદાનમાં આવી ગયા છે. છેલ્લા દોઢ દાયકામાં વિપક્ષ કંઇ ઉકાળી શક્યો નથી. આ તક વિપક્ષ માટે પોતાની ક્ષમતા સાબિત કરવાની પરીક્ષા સમાન છે. મુખ્ય વિપક્ષ કોંગ્રેસ અત્યારે ખૂબ જ સક્રિય દેખાય છે. જોકે, આ લડત અંગે તેની પાસે કોઈ નિર્ણાયક રણનીતિ હોય તેવું દેખાતું નથી. વિપક્ષી એકતાના મુદ્દે પણ મોટો સવાલ ઊભો થયો છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી આ મુદ્દે પણ એક થવાના બદલે સામસામા આવી ગયા છે. બંને પક્ષો વચ્ચેનો મતભેદ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. જેના કારણે વિરોધ પ્રદર્શન વિભાજિત થઈ ગયું છે. યુવાનો અને પરીક્ષાર્થીઓ સતત ન્યાયની માગ કરી રહ્યા છે. તેઓ સરકાર પર દબાણ વધારી રહ્યા છે. પરંતુ વિપક્ષી પક્ષો પોતાના રાજકીય ફાયદા માટે વિખરાયેલા રહે તો લડત નબળી પડી શકે છે. સરકાર માટે પણ આ સમય જરાય સરળ નથી. દેશના લાખો યુવાનોનું ભવિષ્ય આ પેપર લીક કાંડ સાથે જોડાયેલું છે. તેથી જ યુવાનોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. લોકોમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે. લડતવીરો મંત્રીના રાજીનામા વગર પીછેહઠ કરવા તૈયાર નથી. સરકારે પણ હવે યુવાનોનો વિશ્વાસ જીતવા માટે આકરા નિર્ણય લેવા પડશે. દોષિતો સામે કડક કાર્યવાહી કરવી પડશે.

આગામી સમયમાં આ આંદોલન કયું રૂપ ધારણ કરશે તે જોવું મહત્વનું રહેશે. વિપક્ષ આ તકનો ઉપયોગ પોતાના રાજકીય પુનરુત્થાન માટે કેવી રીતે કરે છે તેના પર સૌની નજર છે. શું વિપક્ષ એક થઈને સરકારને ઘેરી શકશે? કે પછી પોતાની આંતરિક ખેંચતાણને કારણે તક ગુમાવી દેશે? પેપર લીકનો મુદ્દો અત્યારે શાસક અને વિપક્ષ બંને માટે એક મોટી કસોટી સમાન બની ગયો છે. યુવાનોની લડત અને રાજકીય પક્ષોના દાવપેચ વચ્ચે આ સમગ્ર મામલો અત્યંત મોટો વળાંક લઈ રહ્યો છે. આ પરીક્ષાનું પરિણામ ખરેખર રોમાંચક અને દેશના રાજકારણ માટે દૂરોગામી અસર કરનારું હશે.

# સરકાર - વિપક્ષ બંને પેપર લીક પર ચર્ચા કરવા તૈયાર

## પ્રશ્ન એ ઊભો થઈ રહ્યો છે કે બંને તૈયાર થયા પછી પણ સંસદમાં આ મુદ્દા પર ચર્ચા કેમ નથી થઈ રહી?



નવીદિલ્હી, તા. ૨૨

લોકસભા અને રાજ્યસભા સતત ત્રીજા દિવસે પેપર લીક મુદ્દે ચર્ચા કરવામાં નિષ્ફળ રહ્યા, જેમાં વિરોધ અને લાઠીચાર્જનો સમાવેશ થતો હતો. સંસદ સ્થગિત કરતા પહેલા, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું, ''સરકાર અને વિપક્ષ બંને ચર્ચા ઇચ્છે છે. તમારે સાથે બેસીને આ મુદ્દાનો ઉકેલ લાવવો જોઈએ.'' જોકે, હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી. રાજ્યસભાની સ્થિતિ પણ આવી જ હતી. રાજ્યસભાના નેતા જેપી નડ્ડાએ કહ્યું, ''અમે ચર્ચા માટે તૈયાર છીએ.'' પ્રશ્નો ઉભા થઈ રહ્યા છેઃ જો સરકાર અને વિપક્ષ બંને પેપર લીક અંગે ચર્ચા કરવા તૈયાર છે, તો આ મુદ્દા પર ગૃહમાં હજુ પણ ચર્ચા કેમ નથી થઈ રહી? સંસદને ત્રીજા દિવસ માટે કેમ મુલતવી રાખવામાં આવી?

કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે સરકાર પહેલા દિવસથી જ પેપર લીક મુદ્દે ચર્ચા કરવા તૈયાર છે. ''અમે તેના પર ચર્ચા ઇચ્છીએ છીએ.'' લોકસભામાં વિપક્ષના નેતાએ જણાવ્યુ હતું કે ચર્ચા જરૂરી છે. સરકારે પહેલા મંત્રીનું રાજીનામું સ્વીકારવું જોઈએ અને પછી ગૃહમાં આ મુદ્દા પર ચર્ચા કરવી જોઈએ. સરકારે ભવિષ્યમાં પેપર લીક અટકાવવા માટે શું તૈયારીઓ કરી છે તે સમજાવવું જોઈએ. કન્નૌજના સાંસદ અને સપા સુપ્રીમો અખિલેશ યાદવે લોકસભામાં કહ્યું કે મંત્રીનું રાજીનામું ગમે ત્યારે સ્વીકારી શકાય છે. ચર્ચા એ હોવી જોઈએ કે બાળકોની હત્યા કેમ કરવામાં આવી અને છોકરીઓ પર અત્યાચાર કેમ કરવામાં આવ્યો.

પેપર લીક પર થયેલા હોબાળાને કારણે સંસદ ત્રણ દિવસથી સ્થગિત છે. આ બાબતે ચર્ચા અશક્ય છે. મંગળવારે (૨૧ જુલાઈ) ના રોજ, વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, બે મુખ્યમંત્રીઓ અને સાંસદોની ટીમ સાથે વિરોધ કરવા માટે વડા પ્રધાનના નિવાસસ્થાને પહોંચ્યા. બાદમાં, સપા વડા અખિલેશ યાદવ પણ પહોંચ્યા. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશના જણાવ્યા અનુસાર, વિપક્ષ નિયમ ૨૬૭ હેઠળ રાજ્યસભામાં ચર્ચા ઇચ્છે છે. આ માટે નોટિસ આપવામાં આવી છે.

કોંગ્રેસ સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલના જણાવ્યા અનુસાર, ''અમે મુલતવી પ્રસ્તાવ હેઠળ ચર્ચા ઇચ્છીએ છીએ. અમે સરકારને જાણ કરી છે, પરંતુ સરકાર તેના માટે તૈયાર નથી. કોંગ્રેસ આ પ્રસ્તાવ હેઠળ ચર્ચા કેમ ઇચ્છે છે? લોકસભામાં આ એક અસાધારણ વ્યવસ્થા છે. જો આ પ્રસ્તાવ પર સંમતિ આપવામાં આવે છે, તો લોકસભામાં તમામ કામકાજ બંધ થઈ જાય છે.'' આ પ્રસ્તાવ પર ચર્ચા કરવા માટે ઓછામાં ઓછા ૫૦ સાંસદોના સમર્થનની જરૂર છે. આનો અર્થ એ છે કે ૫૦ સાંસદોએ સહી કરીને પ્રસ્તાવ મોકલવો પડશે, અને તે પછી જ નિર્ણય લઈ શકાય છે. આ પ્રસ્તાવ હેઠળ ચર્ચા સૂચવે છે કે સરકાર આ મુદ્દા પર ઘેરાયેલી છે અથવા તેની સ્થિતિ નબળી છે. આને સરકારની નબળાઈના સંકેત તરીકે જોવામાં આવે છે. તેથી, સરકાર આ નિયમ હેઠળ ચર્ચા ઇચ્છતી નથી. વિપક્ષ આ પ્રસ્તાવ દ્વારા ચર્ચામાં નિંદાનું તત્વ પણ રજૂ કરે છે.

કોંગ્રેસની એક માંગ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું છે. કોંગ્રેસ કહે છે કે મંત્રીએ પહેલા રાજીનામું આપવું જોઈએ, અને પછી વધુ ચર્ચા થશે. દરમિયાન, સપાના વડા અખિલેશ યાદવે વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જનો મુદ્દો ઉઠાવ્યો. સંસદને લોકશાહીનું મંદિર માનવામાં આવે છે. અહીં, સરકાર પોતાનું વલણ રજૂ કરે છે, જ્યારે વિપક્ષ સરકાર પાસેથી જવાબો માંગે છે. અહીં કોઈપણ મહત્વપૂર્ણ મુદ્દા પર ચર્ચા થાય છે. ચર્ચા દરમિયાન, સરકાર પોતાનું વલણ હકીકતમાં રજૂ કરે છે અને જનતાને નીતિ વિશે માહિતગાર કરે છે. સંસદમાં ચર્ચાઓ રેકોર્ડ કરવામાં આવે છે અને ભવિષ્યના સંદર્ભ માટે રેકોર્ડ કરવામાં આવે છે. આ સરકાર અને વિપક્ષ બંને માટે જવાબદારી વધારે છે. સરકાર અને વિપક્ષ બંને પેપર લીક પર ચર્ચા કરવા તૈયાર છે. બંને પક્ષોએ આ બાબતે નિવેદનો જારી કર્યા છે. આમ છતાં, સંસદ સ્થગિત રહે છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે બંને પક્ષોની તૈયારી છતાં પણ આ મુદ્દા પર સંસદમાં ચર્ચા કેમ નથી થઈ રહી?

# અનંતનાગમાં આતંકવાદી હુમલો

## કોન્સ્ટેબલ શહીદ , સર્ચ ઓપરેશન ચાલુ



નવીદિલ્હી, તા.૨૨

જમ્મુ અને કાશ્મીરના અનંતનાગથી મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. લાલ ચોક નજીક થયેલા આતંકવાદી હુમલામાં એક કોન્સ્ટેબલનું મોત થયું છે. આતંકવાદી ઘટનાસ્થળેથી ભાગી ગયો છે. આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. પીસીઆર અનંતનાગથી મળેલી માહિતી મુજબ, બપોરે લગભગ ૧૨:૩૫ વાગ્યે, અનંતનાગ પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવતા લાલ ચોકના કોટવાલ ગલી વિસ્તારમાં અજાણ્યા આતંકવાદીઓએ પોલીસ ટુકડી પર ગોળીબાર કર્યો. આઈઆરની ત્રીજી બટાલિયનના હેડ કોન્સ્ટેબલ આશિક હુસૈનનું ઘટનાસ્થળે જ મોત થયું. આ ઘટનાથી વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. સુરક્ષા દળોએ આ વિસ્તારને ઘેરી લીધો છે અને હુમલાખોરોને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે હવાલદાર આશિક હુસૈન અમરનાથ યાત્રા માટે સુરક્ષા ફરજ પર હતા. લશ્કર-એ-તૈયબાના સહયોગી રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ઝછ્હ્ર) એ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા હુમલાની જવાબદારી સ્વીકારી હતી. જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ થયા પછી ઓગસ્ટ ૨૦૧૯ માં ઝછ્હ્ર ની રચના કરવામાં આવી હતી. ઝછ્હ્ર ને લશ્કર-એ-તૈયબા માટે એક ફ્રન્ટ અથવા પ્રોક્સી સંગઠન માનવામાં આવે છે. લાલ ચોક વિસ્તાર અનંતનાગના સૌથી ભીડવાળા વિસ્તારોમાંનો એક છે. સામાન્ય દિવસોમાં પણ, અહીં દુકાનદારો અને સ્થાનિક લોકોનો ભરાવો રહે છે. શ્રીનગરના લાલ ચોકની જેમ, આ અનંતનાગ ચોક રાજકીય સભાઓ અને રેલીઓનું વારંવાર સ્થળ રહ્યું છે.

થોડા દિવસો પહેલા, શંકાસ્પદ આતંકવાદીઓએ રાજૌરીમાં નિયંત્રણ રેખા નજીક તારકુંડી ફોરવર્ડ વિસ્તારમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જેના કારણે સેના અને આતંકવાદીઓ વચ્ચે દોઢ કલાક સુધી ગોળીબાર થયો હતો. અગાઉ, સુરક્ષા દળોએ શોપિયામાં એક મોટા આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં લશ્કર-એ-તૈયબાના ટોચના કમાન્ડર ઝાકિર ગનાઈને ઠાર માર્યો હતો. જમ્મુ અને કાશ્મીરના અનંતનાગથી મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. લાલ ચોક નજીક આતંકવાદી હુમલામાં એક કોન્સ્ટેબલનું મોત થયું હતું. હુમલાખોર ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### ''નામ પામ્યો પણ રામને નવ લહ્યા''! એ રચનામાં નરસિંહ દ્વૈત માંથી અદ્વૈત સુધીનો માર્ગ ચીંધે છે!



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શિક્ષક લાખ કોશિશ કરે, વિદ્યાર્થી ત્યાં સુધી સુધરતો કે શીખતો નથી, જ્યાં સુધી એ પોતે ઈચ્છે કે ના આ ખોટું છે! મારે એવું કરવું જોઈએ નહીં! ઘર પરિવારમાં પણ એવું જ છે, સંતાનો શિખામણ થી ક્યારેય કંઈ શીખતાં નથી. સુધરવું કે શીખવાની સમજ કે જરૂરત જ્યાં સુધી સ્વયંને વર્તાય નહીં, ત્યાં સુધી ટોક ટોક કરીને સુધારો શક્ય નથી. તો પ્રશ્ન થાય કે સુધરવું કેમ ? દિવસમાં એક વખત કલાક, અડધી કલાક પોતાની માટે કાઢવો, અને સૌથી પહેલાં પોતાની દિનચર્યા પર એક નજર ફેરવવાની આદત પાડવી! એ આ સમસ્યાનો સૌથી સહેલો ઉપાય છે! આપણે એવું કરતાં પણ હોઈએ છીએ, પરંતુ થાય શું કે! આપણને આપણા કરતાં અન્યની ભૂલ વધુ દેખાય, અને એને પરિણામે સુધરી શકાતું નથી! એટલે સ્વયં સાથે સંવાદ કરવો એ પણ એક ઉપાય છે! દાખલા તરીકે પૂજા કરતી વખતે આપણે ઠાકોરજી કે અન્ય ભગવાન સાથે વાત કરતાં હોઈએ છીએ! બીજાની ખબર નથી પણ હું તો કરું જ છું, એ એક રીતે તો સ્વયં સાથેનો સંવાદ જ છે! પરંતુ ફર્ક એટલો જ છે કે, એમાં ''તું આમ કરજે'', એટલે કે બીજાને સંબોધન છે! જ્યારે જાત સાથે સંવાદમાં આજે તું વહેલી ઉઠી નથી, આજે તે પેલી વ્યક્તિને આવું કહ્યું! તે સમય ખોટો બગાડ્યો! એ બેની વાતમાં વચ્ચે શું કામ પડી! બિમાર છો છતાં પરેજી પાળી નહીં! આની સાથે મિત્રતા કરવાં જેવું નથી! આવાં તો કેટલાંય સંવાદો થાય અને જો એ તરફ દ્રષ્ટિ થાય તો સારું પરિણામ પણ મળે! નરસિંહ પણ આવી વાતો કરીને છેક સુધી જાતને કંડારતા ગયાં, અને ભક્તિનો મણિને મેળવી શક્યા. તો આજે ગુરુવારે આવાં કંઈક ભાવને ગૂથેલી રચના વિશે ચિંતન કરીશું.

** નરસિંહ મહેતા**

*નામ પામ્યો પણ રામને નવ લહ્યા,<br>
વૈષ્ણવ કેરું બિરદ પાળે,<br>
પુત્ર વિના જેમ ઘર મધ્યે પારણું,<br>
વર વિના જેવી જાન મહાલે. (૧)

નરસિંહ પોતાની જાતને હરિ સંકિર્તનનું મહત્વ સમજાવતાં કહે છે કે, તને નામ મળ્યું પણ રામનામ લીધું નહીં! ખાલી વૈશ્નવ કહેવડાવવાથી કંઈ થાય નહીં! હરિ સ્મરણ વગરનો દેહ પુત્ર વગરના પારણાં અને વર વિનાની જાન જેવો લાગે! એમાં જાન માણવાનું શું મહત્વ!

*પંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહીં,<br>
ફોગટ ભમે ને વળી દૂર ભાળે,<br>
અગણિત અપારનું ગણિત લેખું કરે,<br>
દ્વૈત ભાવે કરી માળ જાલે. (૨)

સ્વયંમાં જ હરિ બિરાજે છે, પણ છેક સુધી ઓળખતો નથી, અને બહાર એને શોધવાં અહીંતહીં ભટકે છે! પછી એ માર્ગ દૂર લાગે છે, અથવા એ પંથ વિકટ લાગે છે. ઈશ્વરની માયાનાં અગણિત પાસાઓને સાંકળીને હું પણું કે ''મેં કર્યું'' એમ ગણવાં મથે છે, અને બાજી ઉલટી પડે ત્યારે એ અદ્વૈતને પાછો દ્વૈત ભાવે ભજવા માળાનાં મણકા ફેરવે છે.

**હરિને જાણ્યાં વિના હરિ કેરો જન થયો,<br>
વાત પકવાને નહિ ભૂખ ભાજે,<br>
વિરહની વેદના ભેખથી નવ શમે,<br>
ગગનમાં મેઘ જેમ ઠાલો ગાજે. (૩)

ઈશ્વર વિશે કંઈ જ જાણતો નથી, છતાં પોતાની જાતને ભક્ત કહેવડાવે છે! જેમ વ્યંજનોની વાતો કરવાથી ભૂખ ભાંગતી નથી,એમ ભગવાન કે ભક્તિની વાત કરવાથી કંઈ વળતું નથી. ભગવાનનો વિરહ એમ ભગવા ભેખ એટલે કે પોષાક ધારણ કરવાથી ખત્મ થતો નથી! એવી ભક્તિ તો ગરજે પણ વરસે નહી એવાં પાણી વગરના વાદળો જેવી છે.

*તું એમ જાણે જે હરિજન હું થયો,<br>
કિરતન ગાઈ થયો ભક્ત ભવમાં,<br>
કરણી તો કાગની હોડ કરે હંસની,<br>
તારી તો વાત હરિ કાઢે લવમાં (૪)

ખાલી કિર્તન ભજન ગાઈને પોતાને હું તો બહુ મોટો ભક્ત કે હરિ પ્રેમી થઈ ગયો છું, એમ માની દેખાડો કરે છે! પણ તારી કરણી કાગડા જેવી છે અને સ્પર્ધા તારે સંતો સાથે કરવી છે! પણ ભગવાન તારી વાતને લવારી માં ગણી લેશે, એટલે કે એને મન આવાં ભક્તનું કોઈ મૂલ્ય નથી.

*જો નિરાકારમાં તેહનું મન ગળે,<br>
દ્વૈત સંસારની ભ્રાંતિ ભાગે,<br>
દાસ નરસૈયો ચરણ તેને નમે,<br>
જ્ઞાન વૈરાગની જ્યોત જાગે. (૫)


જેનું મન નિરાકાર પરમાત્મામાં સ્થિર થાય, તેની

જ હું અને ભગવાન અલગ છીએ'' એવી ભ્રાંતિ દૂર થઈ જાય. જેનાં હૃદયમાં સાચું જ્ઞાન અને વૈરાગ્ય પ્રગટ થાય છે, અને એનાં ચરણોમાં દાસ થઈને નરસિંહ નમન કરે છે.સીધીસાદી આ રચનામાં નરસિંહ સાધનાની સીડી કેમ ચડી શકાય એ બતાવે છે! જરુર છે ફક્ત આત્મ કેન્દ્રિત ભાવ દ્રઢ કરી સતત જાતને સંબોધન કરી આગળ ધપાવવાની. જેમકે મનુષ્ય જેવો ઉત્તમ દેહ મળ્યો છે, છતાં તું એ ઈશ્વર ચરણે અહોભાવ વ્યક્ત કરતો નથી, અને જગતમાં હું પૂર્ણ ભક્ત છું એવો આડંબર કરે છે, જેમાં ઈશ્વર સિવાય બધું જ છે! નરસિંહ કહે છે કે ઈશ્વર નામે સુખ કે આનંદ શોધવા તે લગભગ બધે દોડી લીધું, એટલે કે એકેય વિષય બાકી નથી રાખ્યો, પણ એ તો તારી અંદર જ છે! અહીં એક વાર ગણિત શબ્દ તર્ક માટે વાપર્યો છે, અને કહે છે કે શાસ્ત્રોનો સહારો લઈ તે અપાર શક્તિ ધરાવતા ઈશ્વરને સિમિત કરવાની કોશિશ કરી, અને એટલે જ એ તારી માટે દ્વૈત છે. આકાશમાં પાણી વગરના વાદળો જેમ ખોટાં ખોટાં ગરજે છે, એમ તે હજી આત્મ તત્વને જાણ્યું નથી, અને છતાં હું વૈશ્નવ છું! હું ભક્ત છું એવો અહમ ઘૂંટે છે! જેમ વાનગીઓની વાતો કરવાથી એટલે કે ઈશ્વર નામની કલ્પનાનું કુંડાળુ આપણને એની અનૂભૂતિ કરાવી શકતું નથી! અને અંતરમાં એનાં વિયોગની વેદના જાગે નહીં, ત્યાં સુધી વૈરાગીનો ભેખ એ માત્ર દેખાવ બની રહે છે. ચોથી પંક્તિમાં કર્મની પ્રધાનતા સિદ્ધ કરે છે, અથવા તો માનવતાના ધર્મને પ્રસ્તુત કરતાં કહે છે, રામનામ અને રામકામ બંને મહત્વના છે! ખાલી કિરતન કરીએ અને કર્મ કાગડા જેવા હોય તો એ હંસની બરોબરી કરી શકે નહીં. છેલ્લે કહે છે કે ભક્તિની સાર્થકતા ત્યારે જ છે કે, જ્યારે ''હું અને તું'' એ દ્વૈત ભાવ દૂર થાય, અને ત્યારે જ સ્વયંને એવું જ્ઞાન પ્રાપ્ત થાય, કે વૈરાગ્ય એટલે કે આ સંસારમાં ભોગ વૃત્તિને છોડવી કે ત્યાગવી એ જ પરમ જ્ઞાન છે! એટલે નરસિંહ આ રચનામાં ભક્તિમાંથી અદ્વૈત સુધીની યાત્રાનું સંક્ષિપ્ત દર્શન કરાવે છે. તેમાં સગુણ ભક્તિનો આરંભ છે, પરંતુ અંતે નિરાકાર બ્રહ્મમાં મનના લય અને દ્વૈતના વિલયની વાત આવે છે, જે તેને વિશેષ ઊંડાણ આપે છે, અને એટલે નરસિંહ સ્વયં ને કહે છે ભક્તિમાં બાહ્ય આડંબર કરતાં અંતરંગ અનુભવ, આત્મજ્ઞાન અને નિષ્કપટ હોવું જરૂરી છે. આપણે સૌ નરસિંહના આ નિવેદન મુજબ પ્રયોગ કરી કંઈક સારું શીખી શકીએ,એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# રામ મંદિરના દાન ચોરીની તપાસનો વ્યાપ વધ્યો

## અનેક જિલ્લાઓમાં મિલકતોની તપાસ ધરાશે હાથ



રાજકોટ, તા. ૨૨

અયોધ્યા રામ મંદિરના પ્રસાદ ચોરી કેસની તપાસનો દોર હવે લખનૌ સુધી પહોંચી ગયો છે. તપાસ એજન્સીઓ આરોપીઓ અને તેમના પરિવારના ૫૪ સભ્યોની મિલકતની વિગતો એકત્રિત કરી રહી છે. લખનૌ મ્યુનિસિપલ કોર્પોરેશન, લખનૌ વિકાસ સત્તામંડળ (કઉઅ), હાઉસિંગ ડેવલપમેન્ટ કાઉન્સિલ, સ્ટેમ્પ વિભાગ અને મહેસૂલ વિભાગ પાસેથી છેલ્લા બે વર્ષમાં ખરીદેલી જમીન, મકાનો, ફ્લેટ, દુકાનો અને અન્ય મિલકતોના રેકોર્ડ માંગવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, ગોંડા, બસ્તી, સુલતાનપુર, પ્રતાપગઢ અને લખનૌ સહિત અનેક જિલ્લાઓમાં આરોપીઓની મિલકતોની તપાસ કરવામાં આવી રહી છે. અયોધ્યા પોલીસે જિલ્લા મેજિસ્ટ્રેટ પાસેથી જમીન અને મિલકતના દસ્તાવેજો માંગ્યા છે. આરોપીઓ અને તેમના પરિવારના ૫૪ સભ્યોની મિલકતોની તપાસ ચાલી રહી છે. તેમણે શહેરી વિસ્તારોમાં તેમજ ગ્રામીણ વિસ્તારોમાં ખરીદેલી ખેતીની જમીન વિશે અધિકારીઓ પાસેથી સંપૂર્ણ માહિતી પણ માંગી છે.

અહેવાલો અનુસાર, મિલકત તપાસ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (વહીવટ) પ્રદીપ વર્મા દ્વારા જારી કરાયેલ પત્રમાં મકાનો, પ્લોટ, દુકાનો અને ખેતીની જમીનની તપાસનો સમાવેશ થાય છે. તમામ જિલ્લાના સબ-ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અને આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ સ્ટેમ્પ્સ (ઈં અને ઈંઈ) ને પત્રો મોકલવામાં આવ્યા છે. અયોધ્યાના જીજી ના પત્રના આધારે શહેરમાં આ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પત્ર મળ્યા બાદ, લખનૌ વહીવટીતંત્રે વિવિધ વિભાગોને સક્રિય કર્યા છે અને રેકોર્ડ એકત્રિત કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. તમામ વિભાગોમાંથી વિગતવાર અહેવાલ તૈયાર કરીને વધુ તપાસ માટે સંબંધિત એજન્સીઓને મોકલવામાં આવશે.

અયોધ્યા પોલીસને શંકા છે કે આરોપીઓએ ચોરાયેલી ભેટોમાંથી મેળવેલા પૈસાથી લખનૌમાં બેનામી મિલકતો ખરીદી હશે. અધિકારીઓ કહે છે કે મિલકતોની વિગતો પ્રાપ્ત થયા પછી તેમની કાયદેસરતાની તપાસ કરવામાં આવશે. હાલમાં, વહીવટી સ્તરે ત્રણેય વિભાગોના અહેવાલોની રાહ જોવાઈ રહી છે.

આ અહેવાલો પ્રાપ્ત થયા પછી જ આગળની કાર્યવાહી કરવામાં આવશે. અયોધ્યા રામ મંદિર ભેટ ચોરી કેસની તપાસનો વ્યાપ વિસ્તર્યો છે, જેમાં ૫૪ આરોપીઓ અને તેમના પરિવારના સભ્યોની મિલકતોની તપાસ કરવામાં આવી રહી છે. તપાસ એજન્સીઓ લખનૌ સહિત અનેક જિલ્લાઓમાં ખરીદેલી જમીન, મકાનો અને ફ્લેટના રેકોર્ડ એકત્રિત કરી રહી છે.

### દારૂની જેમ ડ્રગ્સની વધી ગયેલા બંધાણીઓ સુધી નપડીકીથ પહોંચે એ પહેલા ઝડપાયો

# SOGએ રમેશને ૯.૬૦ લાખના માદક દ્રવ્યો સાથે દબોચ્યો

## જંકશન પ્લોટની લાલબહાદુર શાસ્ત્રી સોસાયટીમાં દરોડોઃ મુળ ફ્રુટનો આ ધંધાર્થી હાલ માદક પદાર્થ વેંચવાના રવાડે ચડ્યો હતોઃ પોલીસ ઈન્સ. એન. બી. ચૌધરી, પીએસઆઇ એમ. વી. જાડેજા અને ટીમનો દરોડોઃ રમેશ ઉર્ફે મુન્નો અગાઉ મર્ડર સહિતના આઠ ગુનામાં સામે

રાજકોટ,તા.૨૨

શહેરમાં દારૂની જેમ માદક પદાર્થના બંધાણીઓ પણ વધી ગયા હોઇ માદક પદાર્થની હેરાફેરીને ડામવા શહેર એસઓજી વધુ સક્રિય બની છે તેના ભાગરૂપે સતત ત્રીજા દિવસે માદક પદાર્થ સાથે એક શખ્સને ઝડપી લીધો છે. આ શખ્સ અગાઉ હત્યા સહિત આઠ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હતો. જંકશન પ્લોટ લાલબહાદુર શાસ્ત્રીનગરમાં તેના ઘરમાં દરોડો પાડી એસઓજીએ તેને અલગ અલગ ચાર પ્રકારના માદક પદાર્થ સાથે દબોચ્યો છે. જેમાં હાઇબ્રીડ ગાંજો, સુકો ગાંજો, એમડી-મેફેડ્રોન અને ચરસ મળી આવ્યા છે. સવા નવ લાખથી વધુની કિમતના આ ડ્રગ્સનો જથ્થો તે સુરેન્દ્રનગરના થાન તરફથી લાવ્યાનુ તેણે રટણ કરતાં વધુ તપાસ યથાવત રખાઇ હતી.

વિગતો પર નજર કરીએ તો શહેર એસઓજીએ માદક પદાર્થની હેરાફેરીનો પર્દાફાશ કરવામાં હેટ્રીક કરી છે. સતત ત્રીજા દિવસે આવો કેસ શોધી કાઢ્યો છે. જંકશન પ્લોટ લાલબહાદુર શાસ્ત્રી સોસાયટીમાં રહેતાં અને નામચીનની છાપ ધરાવતાં ફ્રુટના ધંધાર્થીને અલગ અલગ ચાર પ્રકારના માદક પદાર્થ સાથે પકડ્યો છે. જેમાં હાઇબ્રીડ અને સુકો ગાંજો, એમડી-મેફેડ્રોન અને ચરસનો સમાવેશ થાય છે. આ ડ્રગ્સની કિંમત ૯ લાખ ૬૦ હજાર જેવી થાય છે. મોબાઇલ ફોન વજનકાંટા મળી કુલ ૯,૬૮,૦૩૨નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.




**થાનથી હાઇબ્રીડ ગાંજો, સુકો ગાંજો, ચરસ, એમડી લાવ્યાનું રટણઃ રીમાન્ડ મેળવવા તજવીજ**

શહેર પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા તથા એસીપી ક્રાઇમ ભરત બી. બસીયા તરફથી વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ન ચડે તે માટે હાથ ધરાયેલ નસે નો ટુ ડ્રગ્સથ મિશન અંતર્ગત કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી. આ સૂચના અન્વયે એસઓજી પીઆઇ એન.બી. ચૌધરી અને પીએસઆઇ એમ.વી. જાડેજાના માર્ગદર્શન હેઠળ દરોડો પાડી નશીલા પદાર્થો સાથે આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. એસઓજી ટીમના પો.હેડ.કોન્સ. હરદેવસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, યોગરાજસિંહ ગોહિલ તથા પો.કોન્સ અનોપસિંહ ઝાલાને સંયુક્ત બાતમી મળી હતી.

આ બાતમી એવી હતી કે અગાઉ ખૂનના ગુન્હામાં પકડાયેલ આરોપી રમેશ ઉર્ફે મુન્નો સિંધી, હાલ રાજકોટ શહેરના પારસ એપાર્ટમેન્ટ, લેટ નં ૨૦૧, લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટી શેરી નં-૦૩, જંક્શન પ્લોટ ખાતે હાજર છે અને પોતાના કબજામાં માદક પદાર્થનો જથ્થો રાખી છૂટક વેચાણ કરવાની ફિરાકમાં છે. બાતમીના આધારે પોલીસે રહેણાંક મકાનમાં દરોડો પાડી મૂળ ફુટનો વેપાર કરતા આરોપી રમેશભાઇ ઉર્ફે મુન્નો કેવડામલ શીવનદાસ ગુલવાણીની અટકાયત કરી હતી. છેતાલીસ વર્ષનો આ શખ્સ આમ તો ફ્રુટનો ધંધો કરે છે પરંતુ હાલમાં તેણે માદક પદાર્થનું વેંચાણ ચાલુ કર્યુ હતું. તે પ્રાથમિક પુછતાછમાં એવુ રટણ કરે છે કે ગઇકાલે તે એક નંબર પર વાતચીત કર્યા બાદ થાન ગયો હતો અને ત્યાંથી આ બધા માદક પદાર્થ લાવ્યો હતો. આ પદાર્થનું તે પડીકીઓ બનાવી વેંચાણ કરે એ પહેલા દબોચાઇ ગયો હતો.

એસઓજીની ટીમે સ્થળ પરથી રૂ. ૫,૭૦,૭૭૦ ની કિંમતનો ૧૬૦.૫૬૦ ગ્રામ મેફેડ્રોન, રૂ. ૨૪,૫૦૭ ની કિંમતનો ૯૮.૦૩ ગ્રામ ચરસ, રૂ. ૨,૮૦,૪૫૫ની કિંમતનો ૮૦.૧૩૦ ગ્રામ હાઈબ્રિડ ગાંજો, રૂ. ૮૬,૫૦૦ ની કિંમતનો ૧.૭૩૦ કિ. ગ્રામ સુકો ગાંજો તેમજ રૂ. ૫,૫૦૦ ના બે મોબાઈલ ફોન, ૩ વજનકાંટા અને ૧૧૧ વેક્યુમ પેક કોથળીઓ મળી કુલ રૂ. ૯,૬૮,૦૩ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગે રાજકોટના પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુન્હો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. એસઓજી પોલીસ ઈન્સપેકટર એન. બી. ચૌધરીના જણાવ્યા મુજબ આરોપી રમેશ ઉર્ફે મુન્નો અગાઉ પણ જુનાગઢ બી ડીવીઝનમાં માદક પદાર્થના ગુનામાં, રાજકોટના ગાંધીગ્રામ, પ્રદ્યુમનનગર અને મહિલા પોલીસ સ્ટેશનમાં મારપીટ, પ્રોહિબિશન અને શારીરિક માનસિક ત્રાસ જેવા કુલઆઠ જેટલા ગુન્હાઓમાં પકડાઈ ચૂક્યો છે.

સતત ત્રીજા દિવસે માદક પદાર્થ પકડી હેટ્રીક સર્જવાની કામગીરી એસઓજી પોલીસ ઈન્સપેકટર એન.બી. ચૌધરી, પીએસઆઇ એમ.વી. જાડેજા, એએસઆઇ અરૂણભાઇ બાંભણીયા, પો.હેડ.કોન્સ. હરદેવસિંહ જાડેજા, યોગેન્દ્રસિંહ ગોહિલ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, પો.કોન્સ. અનોપસિંહ ઝાલા, વિરભદ્રસિંહ ગોહિલ, ધ્રુવરાજસિંહ ગોહિલ, મહિલા પો.કોન્સ. મોનાબેન બુસા, ભાગ્યલક્ષ્મીબા ઝાલા, ડ્રાઈવર પો.કોન્સ. નરપતસિંહ જાડેજા, નિર્મળસિંહ ઝાલાએ આ કામગીરી કરી છે. માદક પદાર્થોનું પ્રાથમિક પરિક્ષણ એફએસએલ અધિકારી કે.એમ. તાવીયાએ કર્યુ હતું. આ શખ્સ આ માદક પદાર્થ ક્યાંથી લાવ્યો? કોને કોને વેંચે છે? સહિતની તપાસ હાથ ધરવામાં આવતાં રમેશે પોતે થાન તરફથી આ પદાર્થ લાવ્યાનું રટણ કર્યુ હતું. જો કે સાચી વિગતો રિમાન્ડ બાદ બહાર આવશે.

# છરી બતાવી શ્રમિક પાસે ૫૦ હજારની ખંડણી માંગી

### કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં પૈસા આપવાની ના પાડતા ત્રિપુટીએ ગાળો ભાંડી; આજીડેમ પોલીસમાં ગુનો

રાજકોટમ તા.૨૨

શહેરમાં સામાન્ય લોકો પાસે પૈસા પડાવવા માટે દાદાગીરી કરતા અસામાજિક તત્વોનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં એક શ્રમિક પાસે રૂપિયા ૫૦ હજારની માંગણી કરી, છરી ઉગામી જાનથી મારી નાખવાની ધમકી આપવા મામલે આજીડેમ પોલીસ મથકમાં ત્રણ શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ ચોપડે નોંધાયેલી વિગતો અનુસાર, કોઠારીયા સોલવન્ટમાં શીતળાધાર શેરી નં. ૪ માં બાલાભાઈની દુકાન સામે રહેતા અને મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા ૪૦ વર્ષીય મયુરભાઈ કેશુભાઈ દાફડાએ ફરિયાદ નોંધાવી છે. ગત તા. ૧૫/૦૭/૨૦૨૬ ના રોજ બપોરે ચારેક વાગ્યાની આસપાસ મયુરભાઈ પોતાના ઘરે હતા, તે સમયે ત્યાં રહેતો આરોપી ભરત પોપટભાઈ પરમાર અને તેના અન્ય બે અજાણ્યા મિત્રો તેમના ઘરની સામે ઉભા રહીને એલફેલ ગાળો બોલી રહ્યા હતા.

ગાળોનો અવાજ સાંભળીને મયુરભાઈ ઘરની બહાર આવતા જ, આરોપી ભરતે તેમની સામે આંગળી ચીંધીને નસ્ત્રતું ધ્યાનમા જ છો, મને પચાસ હજાર રૂપિયા આપ કહીને પૈસાની માંગણી કરી હતી. મયુરભાઈએ વળતો જવાબ આપતા કહ્યું હતું કે મારે તમારી સાથે કોઈ વ્યવહાર કે લેવાદેવા નથી, જેથી હું શા માટે પૈસા આપું?. પૈસા આપવાની ના પાડતા જ ભરત અને તેના બે અજાણ્યા મિત્રો ઉશ્કેરાઈ ગયા હતા અને ભુંડી ગાળો આપવા લાગ્યા હતા. મયુરભાઈએ ગાળો બોલવાની ના પાડતા, આરોપી ભરતે પોતાના નેફામાંથી છરી કાઢીને મયુરભાઈ તરફ ઉગામી હતી. તેમજ નસ્ત્રતને બહુ હવા આવી ગઈ છે, તારા હાથ-પગ ભાંગી તને જાનથી મારી નાખવાનો




થાય છેસ્ત્રસ્ત્ર તેમ કહીને ધમકી આપી હતી. આ ઘટનાથી મયુરભાઈ ડરી જતાં તેઓ પોતાના ઘરમાં જતા રહ્યા હતા અને આરોપીઓ ત્યાંથી નીકળી ગયા હતા.

આ બનાવથી ગભરાયેલા મયુરભાઈએ શરૂઆતમાં આજીડેમ પોલીસમાં અરજી આપી હતી. ત્યારબાદ પોલીસે રૂબરૂ બોલાવતા તેમણે તા. ૨૨/૦૭/૨૦૨૬ ના રોજ પોતાની પત્ની સાથે પોલીસ મથકે પહોંચી આરોપી ભરત પરમાર અને તેના બે અજાણ્યા સાગરીતો વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. આજીડેમ પોલીસે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૩૫૨, ૩૫૧(૩), ૫૪ અને હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ એએસઆઈ એચ. વી. મારવણીયા ચલાવી રહ્યા છે.

### બાળકોને સ્કૂલે મૂકવા જતી મહિલાનો પીછો કરી ફોટા પાડતો; સોસાયટીના ગેટ પર બીભત્સ લખાણવાળા પોસ્ટર ચોંટાડ્યા બાદ વોટ્સએપ ગ્રુપમાં કોમેન્ટ કરી; પ્રદ્યુમનનગર પોલીસે નોંધ્યો

# પરિણીતાની છેડતી કરનાર લંપટ પડોશી સામે ગુનો

રાજકોટ,તા.૨૨

શહેરના રેલનગર વિસ્તારમાં આવેલી સોસાયટીમાં મહિલાઓની સુરક્ષા અને લજ્જાને જોખમાવતી એક શરમજનક ઘટના સામે આવી છે. એક જ સોસાયટીમાં રહેતા લંપટ શખ્સે પરિણીતાનો અવારનવાર પીછો કરી, તેણીના તથા પરિવારજનોના ફોટા પાડી વિભત્સ કોમેન્ટ સાથે સોસાયટીના વોટ્સએપ ગ્રુપમાં પોસ્ટ કરી જાતીય સતામણી આચરી હતી. આ મામલે પીડિતાની ફરિયાદ પરથી પ્રદ્યુમનનગર પોલીસે આરોપી પડોશી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ સાધુ વાસવાણી કુંજ રોડ પર આવેલ પદ્વરકા વિલેજથ ના ફ્લેટ નંબર એ/૪૦૩ માં રહેતા અને ઘરકામ કરતા ૩૮ વર્ષીય રુજુતાબેન વિશાલભાઈ હીરાણીએ આ અંગે



ફરિયાદ નોંધાવી જણાવ્યા મુજબ, તેમની જ સોસાયટીના ફ્લેટ નંબર એ/૨૦૪ માં રહેતો હાર્દિકભાઈ મહેશભાઈ પોપટ નામનો શખ્સ ગત તા. ૨૭/૦૫/૨૦૨૬ થી તેમને સતત હેરાન-પરેશાન કરી રહ્યો હતો.

સૌપ્રથમ તા. ૨૭ મે ના રોજ આરોપી હાર્દિક પોપટે રુજુતાબેન અને તેમના પતિના મોબાઈલ નંબર લખીને તેના પર ખરાબ કોમેન્ટ સાથેનું એક પોસ્ટર બનાવીને સોસાયટીના નાકા પર ચોંટાડી દીધું હતું. જે અંગે રુજુતાબેનના પતિએ તે સમયે જ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી કરી હતી. ત્યારબાદ પણ આરોપી સમજ્યો નહોતો અને રુજુતાબેન જ્યારે પોતાના બાળકોને સ્કૂલ બસમાં બેસાડવા જતા અથવા બજારમાં ખરીદી કરવા નીકળતા ત્યારે તેમનો પીછો કરતો હતો.

આટલું જ નહીં, આરોપી હાર્દિકે રુજુતાબેન, તેમના પતિ અને માસુમ બાળકોના છૂપી રીતે ફોટા પાડી લઈ, તેના પર અશ્લીલ અને બીભત્સ ટીપ્પણીઓ લખીને શેર કરવાનું ચાલુ રાખ્યું હતું. રુજુતાબેને આરોપીને આ પ્રકારની હલકી હરકતો ન કરવા ઠપકો આપતા, આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને નસ્ત્રજો આ બાબતે કોઈને પણ જાણ કરીશ તો તને, તારા પતિને અને બાળકોને જાનથી મારી નાખીશસ્ત્રસ્ત્ર તેવી ગંભીર ધમકીઓ આપી હતી. દરમિયાન તા. ૨૨/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના આશરે દોઢેક વાગ્યે આરોપી હાર્દિક પોપટે ફરીથી સોસાયટીના વોટ્સએપ ગ્રુપમાં રુજુતાબેન વિશે અત્યંત ખરાબ અને વિભત્સ કોમેન્ટ પોસ્ટ કરી હતી. આરોપીની સતત વધી રહેલી માનસિક અને જાતીય સતામણીથી કંટાળીને આખરે રુજુતાબેને તા. ૨૨/૦૭/૨૦૨૬ ના રોજ પ્રદ્યુમનનગર પોલીસ મથકે પહોંચી આપવીતી જણાવી હતી.

પ્રદ્યુમનનગર પોલીસે ફરિયાદી રુજુતાબેન હીરાણીની ફરિયાદના આધારે આરોપી હાર્દિક મહેશભાઈ પોપટ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૭૫(૩) (જાતીય સતામણી), ૭૮(૨) (પીછો કરવો/ સ્ટોકિંગ) અને ૩૫૧(૨) (જાનથી મારી નાખવાની ધમકી) હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ કેસની આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ પાલસિંહ પોલુભા ગોહિલે હાથ ધરી છે.

# શાપર -વાવડી વિસ્તારમાંથી યુવતી-પરિણીતા ગૂમ

### શાપરમાં બહેનના ઘરેથી પિયર જવા નીકળેલી યુવતી અને વાવડીમાંથી પરિણીતા રહસ્યમય રીતે ગાયબ

રાજકોટ, તા.૨૨

શહેરમાં અને આસપાસના વિસ્તારોમાંથી મહિલાઓ ગુમ થવાના બનાવો ચિંતાજનક રીતે સામે આવી રહ્યા છે. રાજકોટના શાપર ગામ અને વાવડી વિસ્તારમાંથી બે મહિલાઓ અચાનક લાપતા થઈ જતાં સંબંધિત પોલીસ મથકોમાં ગુમસુધા નોંધ કરાવવામાં આવી છે. પોલીસે બંને કેસમાં વર્ણનના આધારે શોધખોળના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ શાપર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વિગતો મુજબ, શાપર ગામમાં રહેતા મગનભાઈ વાલજીભાઈ મકવાણાની ૨૫ વર્ષીય દીકરી દક્ષાબેન ઉર્ફે દક્ષા ગત તા. ૨૧ જુલાઈના રોજ બપોરે ૧:૦૦ વાગ્યાની આસપાસ શાપર ગામે જ રહેતી પોતાની બહેનના ઘરેથી પહું પિયર જાઉં છુંપ




તેમ કહીને નીકળી હતી. પરંતુ ત્યારબાદ તે પોતાના ઘરે પહોંચી ન હતી કે અન્ય કોઈ સગા-સંબંધીના ત્યાં પણ મળી આવી ન હતી. તેણી ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. આ અંગે શાપર પોલીસે ગુમસુધા નોંધ કરી છે. જેની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ કે. ડાંગર ચલાવી રહ્યા છે.

જ્યારે બીજો બનાવ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં સામે આવ્યો છે. જેમાં વાવડી ગામમાં ૧૨૦ ફૂટ રિંગ રોડ પર મગનભાઈ વાલજી ગોહેલના વંડામાં (રૂમ નં-૨) રહેતા અને ખેતીકામ કરતા કેશુભાઈ અરજણભાઈ વિરમગામા (ઉ.વ. ૩૦) નામના યુવાને પોતાની પત્ની કિંજલબેન ગુમ થયાની નોંધ કરાવી છે. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગતો મુજબ, કિંજલબેન પોતાના રહેણાંક મકાનેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલી ગયા છે. કિંજલબેને તેમના જમણા હાથમાં ત્રાજવું (ટેટૂ) ત્રોફાવેલું છે. આ અંગે રાજકોટ તાલુકા પોલીસે ગુમસુધા કરી છે. આગળની તપાસ એ.એસ. આઈ. ધર્મેન્દ્રભાઈ ડાંગરને સોંપી છે. બંને કિસ્સાઓમાં કોઈ પણ નાગરિકને આ મહિલાઓ વિશે માહિતી મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા તપાસ અધિકારીનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

# સ્પા સેન્ટરો પર પોલીસની તવાઈઃ ૩ સંચાલકો સામે ગુનો

### એ-ડિવિઝન પોલીસ અને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ નું સંયુક્ત ઓપરેશન; વિરાણી ચોક, માલવિયા ચોક અને એસ.ટી. બસ સ્ટેન્ડ નજીકના સ્પામાં દરોડા

રાજકોટ, તા.૨૨

શહેરમાં ચાલતા સ્પા સેન્ટરોમાં ઘણીવાર અસામાજિક પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ફરિયાદો ઉઠતી હોય છે, જેને ડામવા અને સુરક્ષા વ્યવસ્થા સુદૃઢ કરવા રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા સ્પામાં કામ કરતા તમામ કર્મચારીઓનું ફરજીયાત પોલીસ રજીસ્ટ્રેશન કરાવવા અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામાની કડક અમલવારી માટે પોલીસ દ્વારા સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત રાજકોટ શહેરના એ-ડિવિઝન પોલીસ મથક અને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે સંયુક્ત રીતે અલગ-અલગ ત્રણ સ્પા સેન્ટરો પર દરોડા પાડીને પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કરતા ત્રણ સ્પા સંચાલકો સામે ભારતીય ન્યાય સંહિતા (ઇગજ-૨૦૨૩) ની કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રથમ કાર્યવાહીમાં એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ કિશોરભાઈ પરમાર દ્વારા એસ.ટી. બસ સ્ટેન્ડ નજીક ત્રીજા માળે આવેલા નસ્ત્રસીલ્વર સ્પાસ્ત્રસ્ત્ર માં ચેકિંગ કરવામાં આવ્યું હતું. જ્યાં તપાસ દરમિયાન ખૂલ્યું હતું કે, સ્પાના મેનેજર તરીકે કામ કરતા અને આઇકોન ૪૦૪, પાટીદાર ચોક, સાધુવાસવાણી રોડ પર રહેતા નરેશ ધર્મેન્દ્રભાઈ રાણા દ્વારા પોતાના આર્થિક ફાયદા માટે સ્પામાં કામ કરતા એક શખ્સની નજીકના પોલીસ સ્ટેશને નોંધ કરાવી ન હતી. જેથી તેની સામે ગુનો દાખલ કરાયો છે. આ કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ કનુભાઈ બસીયા ચલાવી રહ્યા છે.

બીજા બનાવમાં, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના એ.એસ.આઈ. અજયકુમાર શુક્લા દ્વારા વિરાણી ચોક પાસે ડેન્ટલ હોસ્પિટલ પાછળ સી.જે. કોમ્પ્લેક્ષમાં પહેલા માળે આવેલા નસ્ત્રધ પીસ ફુલ સ્પામાં સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય બજાર, ભાટીયા, જિ. દેવભૂમિ દ્વારકામાં રહેતા અને સ્પાના સંચાલક, જીગર દિલીપભાઈ સચદેવ દ્વારા પોલીસ



કમિશનરના જાહેરનામાનો સરેઆમ ભંગ કરી સ્પામાં કામ પર રાખેલા માણસની પોલીસ નોંધણી ન કરાવતા તેની સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જયારે ત્રીજા દરોડામાં, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના હેડ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ મારુ દ્વારા માલવિયા ચોક ખાતે પ્રમુખસ્વામી આર્કેડમાં એ-વિંગમાં બીજા માળે આવેલા નસ્ત્રહાઈડ્રીમ વેલનેશ સ્પાસ્ત્રસ્ત્ર માં ચેકિંગ હાથ ધરાયું હતું. જેમાં ડી-વિંગ, ડેકોરા આવાસ, કાલાવડ રોડ પર રહેતા, મૂળ રહે. શેઠ વડાલા, જામનગર અને સ્પાના સંચાલક મુકેશભાઈ રૂપાભાઈ વાઘેલા દ્વારા પણ કામ પર રાખેલ માણસોની પોલીસ મથકે નોંધ ન કરાવી હોવાનું સામે આવ્યું હતું. રાજકોટ પોલીસ અને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની આ સંયુક્ત અને સપાટાબંધ કાર્યવાહીથી નિયમોને ઘોળીને પી જતા સ્પા સંચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસ દ્વારા સ્પષ્ટ મેસેજ આપવામાં આવ્યો છે કે શહેરમાં ચાલતા સ્પા સેન્ટરોએ પોલીસ કમિશનરના જાહેરનામાનું ચુસ્તપણે પાલન કરવું પડશે, અન્યથા કડક કાનૂની પગલાં લેવામાં આવશે. આગામી દિવસોમાં પણ આ પ્રકારની ડ્રાઇવ શહેરભરમાં ચાલુ રહે તેવી પ્રબળ શક્યતાઓ છે.

સોશિયલ મિડીયા થકી યુવતિએ ફ્રેન્ડશીપ કરી પછી ગોલ્ડ માઇનમાં રોકાણ પર નફાની લાલચ આપી

# વેપારીને અંજલી સાથેની વાતચીત દોઢ કરોડમાં પડી!

## જબરા સાયબર ફ્રોડમાં પોલીસની ત્વરીત કાર્યવાહીથી ત્રણ ગઠીયા પકડાયાઃ જો કે સુત્રધારને શોધવા પોલીસને હજુ કરવી પડશે મહેનત

રાજકોટ, તા. ૨૨

સાયબર ક્રાઇમના કિસ્સાઓમાં રોજબરોજ અનેક નવા કિસ્સા ઉમેરાતા જાય છે. વધુ એક વેપારી દોઢ કરોડથી વધુના સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. ગોલ્ડ માઈનીંગમાં રોકાણ કરવાથી ઉંચો નફો મળશે તેવી લાલચ આપીને વેપારીને એક કરોડ ચોસઠ લાખનો ચૂનો લગાડી દેવાયો હતો. અંજલી મોદી નામની આઇડી મારફત વેપારીને મિત્રતાની જાળમાં ફસાવી પછી રોકાણ કરવા લલચાવ્યા હતા. આ રીતે ગઠીયાઓએ આખુ નેટવર્ક ઉભુ કરીને વેપારીને વ્યવસ્થિત રીતે જાળમાં ફસાવી લીધા હતાં. આ કારસ્તાન પોલીસ સુધી પહોંચતા પોલીસ તુરંત હરકતમાં આવી હતી અને ત્રણ ગઠીયાઓને દબોચી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરમાંથી સાયબર ક્રાઇમનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. જેમાં ભોગ બનનાર વેપારીને સોનાની ખાણમાં રોકાણ કરવાના બહાને આંતરરાષ્ટ્રીય સ્તરનું મોટું આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. આ સમગ્ર કૌભાંડમાં પોલીસની ત્વરીત કાર્યવાહીને કારણે ત્રણ ગઠીયા પકડાઇ ગયા હતાં. ઝડપાયેલા ત્રણેય આરોપીઓ મોહમ્મદ ઈઝહાર, મોહમ્મદ સુમૈર અને મોહમ્મદ ઉવેશે સાયબર માફિયાઓ સાથે મળીને ટ્રાન્ઝેક્શન કરવા માટે કમિશનની લાલચમાં પોતાના તેમજ અન્ય લોકોના બેંક ખાતાઓ અને બેંકિંગ કિટ્સ ઉપલબ્ધ કરાવી ગુનામાં અત્યંત સક્રિય અને પાયાની ભુમિકા ભજવતાં હતાં.

પોલીસના કહેવા મુજબ આરોપીઓએ ફરિયાદી સાથસંપર્કમાં રહીને અલગ-અલગ બહાના હેઠળ કુલ રૂ. ૧,૬૩,૯૮,૦૧૨.૭૦ની વિશાળ રકમ પડાવી લીધી હતી, જે અંગે સુરત સાયબર ક્રાઇમ પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી હતી. સાયબર ગુનેગારોએ ફરિયાદીનો વિશ્વાસ જીતવા માટે અત્યંત આધુનિક અને ભ્રમિત કરી દેનારી પદ્ધતિઓનો ઉપયોગ કર્યો હતો. સૌથી પહેલાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર અંજલી મોદી નામના એક નકલી અને આકર્ષક આઈ.ડી. દ્વારા ફરિયાદીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ૯

યારબાદ વાતચીતનો દોર આગળ વધારીને વૉટ્સએપ નંબર પર લાવવામાં આવ્યો હતો, જ્યાં ફરિયાદીને રોકાણ સંબંધી માર્ગદર્શન આપવાના બહાને




વિશ્વાસમાં લેવાયા હતા. ગુનેગારોએ ડિજિટલ માધ્યમનો દુરુપયોગ કરીને ગોલ્ડ રશ ગ્લોબલ કેપીટલ નામની એક સંપૂર્ણ બનાવટી રોકાણ યોજના તેમજ ખોટી ટ્રેડિંગ એપ્લિકેશન તૈયાર કરી હતી. ભોગ બનનાર વેપારીને સત્તાવાર હોવાનો અહેસાસ કરાવવા માટે વ્યાવસાયિક દેખાતા ઈ-મેઈલ આઈ.ડી. પરથી જ પત્રવ્યવહાર કરવામાં આવતો હતો, જેથી કોઈને પણ પ્રારંભિક તબક્કે શંકા ન જાય. આ ઠગબાજોની મોડસ ઓપરેન્ડી એટલી શાતિર હતી કે તેઓએ ફરિયાદીને સોનાની ખાણના ટ્રેડિંગમાં રોકાણ કરવાથી દરરોજ તેમજ માસિક ધોરણે અસાધારણ ચો નફો મળશે તેવી ખોટી લાલચો આપી હતી.

એકવાર ફરિયાદીએ રોકાણ કરવાનું શરૂ કર્યું, ત્યારબાદ આરોપીઓએ એક પછી એક અનેક પ્રકારના ટેકનિકલ અને કાનૂની અવરોધો ભા કર્યા હતા. પૈસા પરત મેળવવા અથવા નફો વિથડ્રૉ કરવા માટે ક્રેડિટ સ્કોર ચાર્જીસ, ટેક્સ, માર્જિન મની, ઓડિટ ફી, આંતરરાષ્ટ્રીય ટ્રાન્સફર ફી, હાઈ રિસ્ક ડિપોઝિટ અને વિથડ્રૉઅલ ચાર્જીસ જેવા કાલ્પનિક બહાનાઓ હેઠળ ફરિયાદી પાસેથી વારંવાર નાણાં મંગાવવામાં આવ્યા હતા. ફરિયાદી જ્યારે પણ પોતાના પૈસા પાછા માંગતો, ત્યારે નકલી ટ્રેડિંગ એપ્લિકેશનમાં મોટો નફો ઓનલાઈન દર્શાવી દેવાતો અને જમા કરાયેલી તમામ રકમ સુરક્ષિત હોવાની તેમજ ટૂંક સમયમાં રિફંડ મળી જશે તેવી વારંવાર ખોટી ખાતરીઓ આપવામાં આવતી હતી.

પરંતુ લાંબા સમય સુધી વારંવારની ખાતરીઓ છતાં કોઈ પણ રકમ પરત ન મળી અને એપ્લિકેશન પણ બંધ જેવી થઈ ગઈ, ત્યારે ફરિયાદીને પોતાની સાથે સુનિયોજિત રીતે બહુ મોટી આર્થિક છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.

તેમણે તાત્કાલિક ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા સંચાલિત રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરીને પોતાની ફરિયાદ નોંધાવી હતી. આ ઓનલાઈન ફરિયાદના આધારે સાયબર ક્રાઇમ સેલ, સુરત શહેર દ્વારા પ્રાથમિક તપાસ અત્યંત ત્વરિત ગતિએ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન અરજીમાં દર્શાવેલા તમામ તથ્યો અને ડિજિટલ પુરાવાઓ પ્રથમદર્શી સાચા જણાતાં સુરત શહેરના સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે વિધિવત ગુનો રજીસ્ટર કરીને આગળની ડાણપૂર્વકની તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો હતો. સુરત પોલીસની વિશેષ ટીમે ટેકનિકલ એનાલિસિસ અને બેંક ખાતાઓની કડીઓ મેળવીને છેક ઉત્તરાખંડના ઉધમસિંહ નગર જિલ્લાના કાશીપુર વિસ્તારમાં દરોડા પાડ્યા હતા, જ્યાંથી આ ગુનામાં સીધી રીતે સંડોવાયેલા ૩ આરોપીઓને દબોચી લેવામાં આવ્યા છે. પકડાયેલા આરોપીઓમાં ૪૮ વર્ષીય મોહમ્મદ ઈઝહાર જે વેપાર સાથે સંકળાયેલો છે, ૨૪ વર્ષીય મોહમ્મદ સુમૈર પણ વેપાર કરે છે, અને ૨૪ વર્ષીય મોહમ્મદ ઉવેશ વ્યવસાયે ઇલેક્ટ્રીશીયન છે, તેનો સમાવેશ થાય છે.

આ ત્રણેય આરોપીઓ ઉત્તરાખંડમાં બેસીને ગુજરાત અને દેશના અન્ય રાજ્યોના ભોગ બનનારા લોકોના પૈસા ટ્રાન્સફર કરવાનું મોટું નેટવર્ક ચલાવી રહ્યા હતા. પોલીસ પૂછપરછ અને તપાસમાં આ ત્રણેય આરોપીઓની ગુનાહિત ભુમિકા અને કમિશનની વહેંચણીની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. મુખ્ય સુત્રધારોના સંપર્કમાં રહીને આરોપી મોહમ્મદ ઈઝહારે માત્ર રૂ. ૮,૫૦૦ ના કમિશનની લાલચમાં પોતાનું સત્તાવાર બેંક ખાતું અને તેની આખી ઓનલાઈન બેંકિંગ કિટ સાયબર ઠગોને સોંપી દીધી હતી. જ્યારે મોહમ્મદ સુમૈરે સહ-આરોપી મોહમ્મદ ઉવેશના સંપર્કમાં આવીને સાયબર છેતરપિંડી માટે પોતાના તથા અન્ય લોકોના બેંક ખાતાઓ એકત્રિત કર્યા હતા, જેમાં તે પ્રતિ ખાતા દીઠ રૂ. ૬,૫૦૦ કમિશન પોતે રાખતો હતો. ત્રીજો આરોપી મોહમ્મદ ઉવેશ -તિ બેંક ખાતા દીઠ રૂ.૨૦,૦૦૦ ના મોટા કમિશનની લાલચમાં આવીને પોતાનું અને બીજા ૬ વ્યક્તિઓના બેંક ખાતાઓ લાવ્યો હતો.

જેમાં તે રૂ. ૫,૦૦૦ પોતે રાખી બાકીની રકમ મૂળ ખાતાધારકોને વહેંચતો હતો. આમ, આ તમામે આર્થિક લાભ માટે બેંક ખાતાઓ ભાડે આપી ગુનામાં સક્રિય ભૂમિકા ભજવી હતી. સુરત સાયબર ક્રાઇમની ડી તપાસમાં આ ગેંગના અન્ય રાષ્ટ્રીય કનેક્શન પણ સામે આવ્યા છે. આરોપીઓ દ્વારા વપરાયેલા એચડીએફસી બેંક ખાતા નંબર ની ચકાસણી કરતા નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ ઉપર આ જ ખાતા વિરુદ્ધ દેશના અલગ-અલગ ભાગોમાંથી અન્ય ૩ ગંભીર ફરિયાદો નોંધાયેલી જોવા મળી હતી. તપાસમાં વધુ વિગતો બહાર આવવાની પોલીસને આશા છે.

---

જેની સાથે પ્રેમલગ્ન કર્યા એ જ વિશ્વાસઘાત કરી ગયોઃ દામ્પત્ય જીવન ડખ્ખે ચડ્યું

# પતિને કારણે પત્નિએ કર્યો આપઘાતનો પ્રયાસ

## જન્મદિવસે ચિક્કાર દારૂ ઢીંચીને આવેલા પતિના ફોનમાં પતિના અન્ય યુવતિ સાથેના ફોટા જોઈ જતાં પત્નિએ ફિનાઇલ પી લીધુંઃ પોલીસે દગાખોર સામે દાખલ કરી ફરિયાદ

રાજકોટ, તા. ૨૨

દામ્પત્ય જીવનમાં દગાખોરીના કિસ્સા અવાર-નવાર સામે આવતાં રહે છે. આવા બનાવોમાં કાં તો પતિના હાથે પત્નિની હત્યા થાય છે અથવા તો પત્નિ જ પ્રેમીનો સાથ લઇ પતિનો કાંટો કાઢી નાંખતી હોય છે. ઘણીવાર વાત મારામારી સુધી કે આત્મહત્યાના પ્રયાસ સુધી પણ પહોંચે છે. આવી જ એક ઘટના સામે આવી હતી જેમાં એક દારૂડીયો પતિ ઘરે આવ્યા બાદ પત્નિએ તેનો મોબાઇલ ફોન ચેક કરતાં પતિના અન્ય યુવતિ સાથેના ફોટાઓ મળી આવતાં પતિના આ લફરાથી આઘાતમાં ગરક થઇ ગયેલી પત્નિએ આપઘાતનો પ્રયાસ કરતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો દામ્પત્ય જીવનમાં પરસ્પર સ્નેહ, સમર્પણ, લાગણી અને વફાદારીના પાયા સલામત ન રહે તો દામ્પત્ય જીવન ગોટાળે ચડી જતું હોય છે. વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં પ્રેમલગ્ન કરનાર એક પરિણીતાએ પોતાના પતિના પરસ્ત્રી સાથેના સંબંધોની જાણ થતાં માનસિક રીતે વ્યથિત થઈને ફિનાઇલ પી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના બાદ પરિણીતાને ત્વરિત હોસ્પિટલમાં ખસેડી સારવાર આપવામાં આવી હતી. મહિલાએ પોતાના પતિ વિરુદ્ધ સતત માનસિક ત્રાસ, ગાળાગાળી અને હેરાનગતિ



અંગે ગોરવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ધોખેબાજ પતિને પકડી લેવા તપાસ આગળ ધપાવી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૧ દરમિયાન બંને એક ખાનગી હોસ્પિટલમાં સાથે નોકરી કરતા હતા. આ દરમિયાન તેમની વચ્ચે પરિચય થયો હતો અને મિત્રતા -મસંબંધમાં પરિણમી હતી. પરિવારજનોની મંજૂરી મેળવી સગાઈ કર્યા બાદ બંનેએ કોર્ટ મેરેજ કર્યા હતા. ત્યારબાદ દંપતી દુબઈ ગયું હતું અને બાદમાં કેરળમાં હિન્દુ સમાજના રીતિ-રિવાજ મુજબ તેમના લગ્ન સંપન્ન થયા હતા. લગ્ન બાદ ગર્ભાવસ્થા દરમિયાન પરિણીતાને કેરળમાં સાસુ-સસરા પાસે મુકીને પતિ ફરી દુબઈ નોકરી અર્થે જતો રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન પણ બંને વચ્ચે ફોન પર વારંવાર બોલાચાલી અને ઝઘડા થતા હતા. સંતાનના જન્મ પછી પણ બંને વચ્ચેના સંબંધોમાં તણાવ યથાવત રહ્યો હતો. તાજેતરમાં પતિ પોતાના જન્મદિવસની ઉજવણી માટે વડોદરા આવ્યો હતો. રાત્રિના સમયે તે દારૂના નશામાં ધૂત થઈને ઘરે પરત ફર્યો હતો. આ દરમિયાન પતિ-પત્નિ વચ્ચે વાતચીત થઈ રહી હતી ત્યારે પરિણીતાએ પતિના મોબાઇલ ફોનમાં અન્ય એક મહિલા સાથેના કથિત ફોટોગ્રાસ તેમજ વાંધાજનક ચેટ જોઈ લીધી હતી. આ અંગે પત્નીએ પૂછપરછ કરતાં પતિ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપીને છૂટાછેડા આપી દેવાની ધમકી આપી હતી. પતિના આવા વર્તન અને માનસિક ત્રાસથી ભાંગી પડેલી પરિણીતાએ બાથરૂમમાં જઈને ફિનાઇલ પી લીધું હતું.ઘટનાની જાણ પરિવારજનોનેથતાં જ પરિણીતાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સારવાર મેળવીને પરિણીતા જ્યારે ઘરે પરત ફરી ત્યારે પતિ પોતાનો મોબાઇલ ફોન લઈને ઘરેથી ક્યાંક જતો રહ્યો હોવાનું સામે આવ્યું હતું. હાલમાં ગોરવા પોલીસે પીડિત મહિલાની ફરિયાદના આધારે પતિ વિરૂધ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. આવી ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે જેમાં પતિ કે પત્નિ એક બીજા સાથે બેવફાઇ આચરતાં હોય છે. જેના ગંભીર પરિણામો પણ આવતાં હોયો છે. આવા અનેક તાજેતરના દાખલાઓ મોજુદ છે.

---

પરપ્રાંતની કન્યાઓ સાથે લગ્ન ગોઠવી દેવાનું કામ કરતો કેશુ કળા કરી ગયો

# લગ્નના ૧૩માં દિવસે ભાગ્યશ્રી પતિને મુકી છું

## ત્રણ લાખ ચુકવી યુવાને લગ્ન કર્યાઃ પણ મામા-મામી બનીને આવેલા ટોળકીના સદસ્યો થોડા દિવસ રોકાવા માટે લઇ જવાનું કહીને કન્યાને લઇને ગયા તે ગયા

રાજકોટ, તા. ૨૨

રાજ્યભરમાં અવાર-નવાર લગ્નવાંચ્છુ યુવાનો અને તેના પરિવારજનો લગ્નના નામે છેતરાઇ જતાં હોય છે. લેભાગુ લૂંટેરી દૂલ્હન સાથે ટોળકી લગ્નનું નાટક કરાવી રોકડ-દાગીના ઉસેડી જતાં હોવાના કિસ્સા અનેક બન્યા છે અને આવી અલગ અલગ ટોળકીઓને પણ પોલીસે અગાઉ પકડી છે. પરંતુ વધુ એક વખત એક વેપારી યુવાન લૂંટેરી દૂલ્હન ગેંગનો શિકાર બની ગયા હતાં. લગ્નના બહાને ત્રણ લાખ ઉસેડી ભાગ્યશ્રી નામની આ કન્યા લગ્નના તેરમા દિવસે જ ભાગી ગઇ હતી.વિગતો પર નજર કરીએ તો આ વખતે લૂંટેરી દૂલ્હન ટોળકીનો ભોગ સુરતનો યુવાન બન્યો છે. અહિ કઠોદરા વિસ્તારમાં લગ્નના નામે મોટી છેતરપિંડીનો સનસનીખેજ કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ચાલીસ વર્ષીય અપરિણિત પાટીદાર વેપારીને લગ્નની લાલચ આપી વચેટીયા અને મહારાષ્ટ્રની યુવતીએ મળીને કુલ બે લાખ નવ્વાણુ હજારની મતા પડાવી લીધી અને લગ્નના ગણતરીના દિવસોમાં જ દુલ્હન ફરાર થઈ ગઈ હોવાની ફરિયાદ લસકાણા પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ફ્રોડના આ કિસ્સાની વિગતો અનુસાર કઠોદરા વિસ્તારના ટ્વીન ટાવરમાં રહેતા અને કડોદરા ખાતે એમ્બ્રોડરી મશીનનો વેપાર કરતા ચાલીસ વર્ષીય વેપારી મૂળ ભાવનગરના ગારીયાધારના વતની છે. મોટી ઉંમર થવા છતાં લગ્ન ન થતા હોવાથી પરિવાર તેમના માટે કન્યા શોધતો હતો. આ દરમિયાન વેપારીના પિતાજીની મુલાકાત વેલંજા ખાતે રહેતા અને લગ્ન કરાવવાનું કામ કરતા કેશુભાઈ બેચરભાઈ મિયાણી સાથે થઈ હતી. કેશુભાઈએ મહારાષ્ટ્રની ભાગ્યશ્રી અશોકભાઈ પવાર નામની યુવતીનો ફોટો બતાવ્યો હતો, જે પરિવારને પસંદ આવ્યો હતો. ફોટો પસંદ આવ્યા બાદ ભાગ્યશ્રી અને કેશુભાઈ વેપારીના ઘરે આવ્યા હતા અને બંને પક્ષે લગ્ન નક્કી કર્યા હતા. લગ્ન કરાવવાના બદલામાં વચેટીયા કેશુભાઈએ રૂપિયા બે લાખ એંસી હજારની માંગણી કરી હતી, જેમાં પરિવાર સહમત થયો હતો. લગ્ન પહેલાં પાટીદાર પરિવારે સુરતમાંથી કપડાં તેમજ ત્રણ હજારનો સોનાનો દાણો અને ચાર હજારના ચાંદીના સડાની ખરીદી કરી ભાગ્યશ્રીને આપ્યા હતા. આ પછી વેલંજા મુકામે બંનેના લગ્ન લેવાયા હતા, જ્યાં કેશુભાઈને બે લાખ પાંસઠ હજાર રોકડા અને પંદર હજાર બેંક મારફતે ચૂકવવામાં આવ્યા હતા. લગ્ન સમયે દુલ્હનને બાર હજારનો મોબાઈલ પણ અપાયો હતો.લગ્ન બાદ ભાગ્યશ્રી તેના સાસરે આવી હતી. પરંતુ લગ્નના ગણતરીના દિવસોમાં જ એટલે કે લગ્નના તેરમા દિવસે જ તે છૂમંતર થઇ ગઇ હતી. મહારાષ્ટ્રથી તેના મામા-મામી હોવાનો દાવો કરનાર વ્યક્તિઓ તેને પિયર તેડવા માટે આવ્યા હતા. જેથી વેપારીએ પત્નિને પંદર દિવસ માટે પિયર જવા દીધી હતી. શરૂઆતના દસ દિવસ સુધી ફોન પર વાતચીત થઈ હતી. પરંતુ ત્યારબાદ ભાગ્યશ્રીનો ફોન બંધ થઈ ગયો હતો અને તેનો કોઈ સંપર્ક થઈ શક્યો ન હતો. જ્યારે પત્નિનો કોઈ સંપર્ક ન થયો, ત્યારે વેપારી અને તેમના પિતાજીએ વચેટીયા કેશુભાઈ મિયાણીનો સંપર્ક સાધ્યો હતો. પણ કેશુભાઈએ પણ કોઈ યોગ્ય જવાબ ન આપીને ગલ્લા-તલ્લાં કરી સમય પસાર કરવાનું શરૂ કર્યું હતું. પોલીસે આ મામલે સઘન તપાસ શરૂ કરી લેભાગુઓને શોધી કાઢવા તપાસના ચક્રો ગતિમાન કાર્ય હતાં. આ પ્રકારે અવાર-નવાર લગ્નવાંચ્છુઓ છેતરાઇ રહ્યા હોવાના કિસ્સા સામે આવતાં રહે છે.

---

વૃધ્ધની હત્યા કરાયેલી લાશ મળી, આસપાસ સીસીટીવી પણ નહોતાંઃ એક લાકડી મળી અને તેના આધારે પોલીસ પહોંચી ગઇ હત્યારા સુધી

# સગીરે બકરા ચોરીમાં આડે આવેલા વૃધ્ધને ઢાળી દીધા!

## ફરવા જવા માટે પૈસા ઘટતાં હોઈ બકરાની ચોરી કરવા ગયો, વૃધ્ધે ટપારતાં હત્યા કરી બે બકરા ચોરી નવ હજારમાં ખાટકીને વેંચી નીરાંતે ફરવા નીકળી ગયો હતોઃ દબોચીને હત્યાનું કારણ જાણ્યું ત્યારે પોલીસ પણ ચોંકી ગઇ

રાજકોટ, તા. ૨૨

અલગ અલગ ગામ કે શહેરમાં અલગ અલગ કારણોસર હત્યાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. અમુક લોકો અંગત અદાવતમાં કે પછી નાની અમથી વાતે હત્યા કરી નાંખતા હોય છે તો અમુક ગુનેગારો રૂપિયા પૈસા દાગીના લૂંટવા માટે આવી ઘટનાઓને અંજામ આપતાં હોય છે. આવી જ એક મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ છે જેમાં હત્યારાએ આપેલી કબુલાતને કારણે પોલીસ સહિત હરકોઇ ચોંકી ગયા હતાં. એક વૃધ્ધની સીમમાં હત્યા કરાયેલી લાશ મળી આવતાં આ મર્ડર મિસ્ટ્રી ઉકેલવા પોલીસની ટીમો કામે લાગી હતી. અંતે ભેદ ઉકેલાયો હતો અને શાતીર હત્યારો ઝડપાઇ ગયો હતો. વૃધ્ધ પોતાના બકરા ચરાવવા ગયા ત્યારે એક સગીરને ફરવા જવા માટે પૈસાની જરૂર હોઇ આ વૃધ્ધના બકરા ચોરીને વેંચીને તે પૈસાથી ફરવા જવાનો પ્લાન ઘડી તેણે વૃધ્ધની હત્યા કરી હતી. બકરા ચોરતાં આ શખ્સને અટકાવવા જતાં વૃધ્ધની હત્યા થઇ હતી. હત્યારો સાપુતરા, દમણ સહિતના સ્થળોએ ફરીને આવતાં જ પોલીસ તેના સુધી પહોંચી ગઇ હતી.

ચોંકાવનારી અને ચકચાર જગાવતી આ ઘટના પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના કરચીયા ગામની સીમમાં થયેલી છાંસઠ વર્ષીય વૃદ્ધની હત્યા કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો.. દમણ અને સાપુતારા ફરવા જવા માટે નવા કપડાં તેમજ બૂટ ખરીદવા પૈસાની જરૂર હોવાથી સત્તર વર્ષીય સગીરે આ કાળજું કંપાવનારી ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસ સુત્રોએ કહ્યું કે



આ ભેદ ઉકેલાઇ જવા સાથે આરોપીને પકડી વિશેષ કાર્યવાહી કરવામાં આવી હતી. વડોદરા જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલે જણાવ્યું હતું ક ગોધરા ગ્રામ્યના સાતરોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઠાસરાના રહેવાસી રમણ રાઠોડિયા નામના છાંસઠ વર્ષના વૃધ્ધનો મૃતદેહ મળી આવ્યો હતો. રમણભાઈના માથાના ભાગે ભારે અને તીક્ષ્ણ હથિયારથી જીવલેણ ઈજા પહોંચાડી હત્યા કરાઈ હોવાનું પંચનામામાં સામે આવતા પોલીસે હત્યાની એફઆઇઆર દાખલ કરી હતી અને હત્યા કોણે શા માટે કરી તેની તપાસ આરભી હતી.

પોલીસે ઘટનાસ્થળે વિસ્તૃત સર્ચ અને કોમ્બિંગ હાથ ધર્યું હતું. જો કે આસપાસ કોઇ સીસીટીવી ન હોઇ પોલીસ માટે હત્યારાની કડી મેળવવી એ અઘરી બાબત બની ગઇ હતી. જો કે તપાસ દરમિયાન પોલીસને ઝાડીઓમાંથી એક શંકાસ્પદ લાકડી મળી આવી હતી. ટેકનિકલ પુરાવા અને કડીઓ જોડતાં આખી ઘટનામાં એક સત્ત વર્ષીય સગીરની સંડોવણી બહાર આવી હતી, જે આઠમા ધોરણ સુધી જ ભણેલો છે. પૂછપરછ દરમિયાન સગીરે જે કારણ દર્શાવ્યું તે સાંભળીને પોલીસ અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. સગીરને દમણ અને સાપુતારા ફરવા જવું હતું અને તે માટે નવા કપડાં તથા બૂટ ખરીદવા હતા.

પરિવારે વધુ પૈસા આપવાની ના પાડતા તેણે બે બકરાં ચોરી કરવાનો પ્લાન બનાવ્યો, જ્યારે સગીર પોતે બકરાં ચરાવવા ગયો હતો, ત્યારે સીમમાં રમણભાઈને એકલા જોઈને તેમની પર જીવલેણ હુમલો કરી હત્યા કરી દીધી અને તેમના બે બકરાંની ચોરી કરી લીધી હતી. હત્યારા સગીરે ચોરાયેલા બે બકરાં તેણે એક ખાટકીને નવ હજાર ત્રણસો રૂપિયામાં વેચી દીધા હતા. તે રકમમાંથી પોતાની પસંદગીના નવા કપડાં અને બૂટ ખરીદીને તે દમણની સફર પણ કરી આવ્યો હતો.

સાવલી પોલીસે આરોપી સગીરની અટકાયત કરી ઘટનાસ્થળેથી મળેલી લોહીવાળી લાકડી, બનાવ સમયે સગીરે પહેરેલા લોહીના ડાઘવાળા કપડાં અને બકરાં વેચીને મેળવા પૈસામાંથી ખરીદેલા નવા કપડાં અને બૂટ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે આરોપી સગીર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તેને બાલ સંરક્ષણ ગૃહ મોકલવાની તજવીજ હાથ ધરી હતી.

આમ ઘટના સ્થળે કોઇ સીસીટીવી કેમેરા ન હોવા છતાં એક લાકડી મળી હતી તેના આધારે પોલીસની ટીમે તપાસ આગળ ધપાવી હતી અને આ લાકડી પોલીસને હત્યારા સુધી દોરી ગઇ હતી. સગીરો પૈસા માટે કઇ હદ સુધી જઇ શકે તે વાત આ ઘટના પરથી સાબીત થઇ હતી.

અમુક સીઝન મુજબ રમે, અમુક ક્યારેક રમે, અમુક રોજેરોજ બેઠક જમાવે

# બે મકાનમાં જૂગાર દરોડા, ૧૩ ઝબ્બે

## ભક્તિનગર પોલીસે લાલપાર્કમાં અને એલસીબી ઝોન-૨ ટીમે મવડી સ્વામિનારાયણ પાર્કમાં પાડ્યો દરોડોઃ દારૂના દરોડામાં ચપલા સાથે એક અને બોટલ સાથે એક પકડાયો

રાજકોટ, તા. ૨૨

રંગીલા શહેર રાજકોટમાં જેટલા દારૂ પીવાના શોખીનો છે એના જેટલા જ કે એનાથી પણ વધારે જૂગાર રમવાના શોખીનો પણ છે. અમુક સીઝન પ્રમાણે વર્ષમાં બે પાંચ વખત જૂગારધામમાં બેસી જતાં હોય છે. તો અમુકને બારેમાસ જ્યારે તક મળે ત્યારે બેઠક ટેકવીને પત્તા ટીચી લેતાં હોય છે. પોલીસ સતત જૂગારરસીકોના રંગમાં ભંગ પાડતી જ રહે છે. વધુ બે મકાનોમાં પોલીસ ત્રાટકી હતી અને બંનેના મકાન માલિક સહિત તેર જણાને પકડી લીધા હતાં. એક દરોડો ભક્તિનગર પોલીસે લાલપાર્કમાં પાડ્યો હતો અને બીજો દરોડો એલસીબી ઝોન-૨ ટીમે મવડી ચોકડી નજીક સ્વામિનારાયણ પાર્કમાં દરોડો પાડ્યો હતો. એક ઘરમાંથી છ અને બીજા ઘરમાંથી સાત પકડાયા હતા.

વિગતો પર નજર કરીએ તો અટીકા લાલપાર્ક અને મવડી બાપા સિતારામ ચોક પાસે સ્વામિનારાયણ પાર્કમાં ઘરમાં ચાલી રહેલા જુગારધામમાં ભક્તિનગર અને એલસીબી ઝોન-૨ ટીમે દરોડા પાડી બંને ઘરના માલિકો સહિત તેર પત્તાપ્રેમીઓને પકડી લઇ રોકડ કબ્જે કરી હતી. ઢેબર રોડ અટીકા લાલપાર્ક મેઇન રોડ ડી માર્ટ પાછળ શ્રધ્ધાપુરી સોસાયટી-૩માં રહેતાં રસિક કલોલાના ઘરમાં જૂગાર રમાતો હોવાની બાતમી પરથી ભક્તિનગર પોલીસે દરોડો પાડી તેના સહિત છને પકડી લઇ રૂા. ૨૬૨૫૦ની રોકડ કબ્જે લીધી હતી.

જ્યારે બીજા દરોડામાં એલસીબી ઝોન-૨ ટીમે મવડી બાપા સિતારામ ચોક સ્વામિનારાયણ પાર્ક-૧માં અશોક નંદેસરીયાના મકાનમાં દરોડો પાડી તેના સહિત ૭ને જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૪૪૨૦૦ની રોકડ કબ્જે કરી હતી. ભક્તિનગર પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળતાં રસિક વશરામભાઇ કલોલાના લાલપાર્ક-૩ના મકાનમાં દરોડો પાડી તેને તથા કલ્પેશ પ્રવિણભાઇ સઇજા (રહે. રાજદીપ સોસાયટી સરધાર), હિતેષ ભુપતભાઇ કારેટીયા (રહે. જીન પ્લોટ સરધાર),



પ્રવિણ પ્રાગજીભાઇ કસાગવા (રહે. કોઠારીયા શીવજી મંદિર સામે), ભરત ડાયાભાઇ ઇન્દ્રોડા (રહે. હરિ ધવા રોડ બજરંગ નિવાસ) અને મનિષ ગોરધનભાઇ જાટકીયા (રહે. સોમનાથ માર્કેટ સરધાર)ને તિનપત્તીનો જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૨૬૨૫૦ની રોકડ કબ્જે લીધી હતી. ઝડપાયેલા ખેતી કામ, શાકભાજી-ફ્રુટનો ધંધો અને વેપાર તથા છુટક ડ્રાઈવીગ કરે છે. તેમજ એક નોકરીયાત છે અને એક નિવૃત જીવન જીવે છે. પીઆઇ જે. ડી. પરમારની રાહબરીમાં પીએસઆઇ એસ. એચ. ગોહિલ, યોગીરાજસિંહ જાડેજા અને ટીમે આ દરોડો પાડ્યો હતો.

આ ઉપરાંત એલસીબી ઝોન-૨ ટીમ દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા માટે પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી પરથી મવડી બાપા સિતારામ ચોક સ્વામિનારાયણ પાર્ક-૧માં રહેતાં ખાણીપીણના ધંધાર્થી અશોક ભગવાનજીભાઇ નંદેસરીયાના ઘરમાં દરોડો પાડી તેને તથા રિક્ષાચાલક આરીફ સાબાનખાન પઠાણ (રહે. સુભાષનગર-૮ રૈયા રોડ), લોન્ડ્રી ચલાવતાં નિલેષ કેશવલાલ ચૌહાણ (રહે. ગુરૂપ્રસાદ ચોક, ડાલીબાઇ હોસ્ટેલ સામે ક્વાર્ટર), ડ્રાઇવીંગ કરતાં સંજય ચીમનલાલ પાઉ રહે. ગુરૂપ્રસાદ ચોક ત્રિવેણીનગર-૩), ફ્રુટનો ધંધો કરતાં અક્ષય ધીરજલાલ પરમાર (રહે. શ્રીનાથજી સોસાયટી-૮, મવડી પ્લોટ), ડ્રાઇવીંગ કરતાં ધર્મેશ હેમતભાઇ પરમાર (રહે. અંકુર મેઇન રોડ ભોલેનાથ સોસાયટી-૪) અને છુટક મજૂરી કરતાં સંદિપ મહેન્દ્રભાઇ ડોડીયા (ઉ.વ.૩૯- રહે. મવડી રામેશ્વર સોસાયટી-૧)ને તિનપત્તી રમતાં પકડી લઇ રૂા. ૪૪૨૦૦ કબ્જે લીધા હતાં. પીએસઆઇ એસ. વી. ચુડાસમા, એએસઆઇ જયંતિભાઇ, હરપાલસિંહ, રાજેશભાઇ, શક્તિસિંહ ગોહિલ, સત્યજીતસિંહ જાડેજા સહિતે આ દરોડો પાડ્યો હતો.

આ ઉપરાંત દારૂના ધંધાર્થીઓ ઉપર પણ ધોંસ યથાવત રહી હતી. બાબરીયા કોલોની ક્વાર્ટર પાછળ સ્વામિનારાયણ મંદિરની સામેથી મોરારીનગર-૬માં રહેતાં તેત્રીસ વર્ષના અભયરાજસિંહ હનુભા ચુડાસમાને રૂા. ૪૨૦૦ના ૧૮૦ એમએલ વ્હીસ્કીના ૧૪ ચપલા સાથે ભક્તિનગરના નરસંગભાઇ ગઢવી, રમેશભાઇ માલકીયા સહિતે પકડી લઇ કાર્યવાહી કરી તેણે દારૂ ક્યાંથી મેળવ્યો તેની તપાસ શરૂ કરી હતી.

અન્ય એક દરોડામાં યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન પંચાયત ચોક શૌચાલય સામેની શેરીમાં મોટરસાઇકલ સાથે બે શખ્સો ઈંગ્લીશ દારૂની લેતી-દેતી માટે ઉભા હોવાની બાતમી પરથી દરોડો પાડી એક યુવકને દારૂની બોટલ સાથે ઝડપી લીધો હતો, જ્યારે બીજો મોટરસાઇકલ લઇને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પકડાયેલો શખ્સ બોટલ મળ્યા પછી ભાગવા ગયો ત્યારે વરસાદી પાણીમાં લપસી પડતાં તેને ફરીથી પકડી લેવાયો હતો. પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે માહિતી મળતાં પંચાયત ચોક પાસેની શેરીમાં દરોડો પાડ્યો હતો. પોલીસ પહોંચતાં જ બાઇક પર બેઠેલો શખ્સ બાઇકલ લઈને સ્થળ પરથી ભાગી છૂટ્યો હતો. જ્યારે પીળા રંગનો ટી-શર્ટ પહેરીને ભેલો શખ્સ પકડાઇ જતાં તપાસ કરતાં તેના નેફામાંથી દારૂની બોટલ મળી આવી હતી. આ વખતે તે પણ દોટ મુકી ભાગવા જતાં આગળ વરસાદી પાણીમાં લપસી પડતાં તેને પકડી લીધો હતો. આ શખ્સે પોતાનું નામ રાહુલ ગોબરભાઈ વાળા (સાધુવાસવાણી રોડ, ગુરૂજી નગર, શાક માર્કેટ સામે) જણાવ્યું હતુ. તેની ૬૫૦નો એક બોટલ દારૂ કબ્જે કરાયો હતો. ભાગી જનારનું નામ ભોલો દુબે હોવાનું ખુલતાં શોધખોળ થઇ રહી છે. એએસઆઇ મુકેશભાઇ ચરમટા, કોન્સ. કિશોરભાઇ પરમારે આ કામગીરી કરી હતી.

ક્યારે ક્યાં ખતમ થઇ જાય એની ખબર ન પડે...વધુ બે જિંદગી ઓચીંતી ખતમ

# સાઇકલ પરથી પટકાતાં વૃધ્ધનું મોત

### બીજી ઘટનામાં હૃદય ધબકારા ચુકી જતાં એક પરિવારના મોભીનું મોતઃ અન્ય બે બનાવમાં એક યુવાને પત્નિ સાથેના ઝઘડાથી કંટાળી તળાવમાં ઝંપલાવ્યું-પણ જીવ બચી ગયોઃ બીજી ઘટનામાં પરિણીતાએ પીધું ફિનાઇલ-પતિ સાસરિયાના ત્રાસનો કર્યો આક્ષેપ

રાજકોટ, તા. ૨૨

અપમૃત્યુની બે ઘટનામાં એક વૃધ્ધ સાઇકલ હંકારી આટો મારવા નીકળ્યા ત્યારે ચક્કર આવતાં પટકાઇ જતાં હેમરેજ થઇ જવાને કારણે મૃત્યુ થયું હતું. બીજી એક ઘટનામાં એક પ્રૌઢનું હૃદય બંધ પડી જવાને કારણે તેમની જિંદગીનો અંત આવી ગયો હતો. અન્ય બે આપઘાતના પ્રયાસની ઘટના જોઇએ તો એક કિસ્સામાં પત્નિના ઝઘડાથી કંટાળી યુવાન તળાવમાં કૂદી ગયો હતો. પણ તેને લોકોએ બચાવી લીધો હતો. બીજી ઘટનામાં એક પરિણીતાએ પતિ-સાસરિયાના ત્રાસને કારણે ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

પ્રથમ ઘટના જોઇએ તો મવડી પ્લોટ શ્રીનાથજી સોસાયટીના વૃધ્ધ સાઇકલ લઇને આટો મારવા નીકળ્યા ત્યારે નવલનગરમાં વાછરાદાદાના મંદિર પાસે ચક્કર આવતાં પડી જતાં માથામાં હેમરેજ થઇ જવાથી સારવારમાં મૃત્યુ થયું હતું. શ્રીનાથજી સોસાયટી-પમાં રહેતાં પરષોત્તમભાઇ ડાયાભાઇ કવા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધ સત્તરમી તારીખના સાંજે છએક વાગ્યે સાઇકલ લઇ આટો મારવા નીકળ્યા ત્યારે નવલનગર-૩માં વાછરાદાદાના મંદિર પાસે પહોંચ્યા તે વખતે એકાએક ચક્કર આવતાં પડી જતાં માથામાં ઇજા થતાં બેભાન જેવા થઇ ગયા હતાં.

સારવાર દરમિયાન આજે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર પરષોત્તમભાઇ કવા ત્રણ બહેન અને છ ભાઇમાં નાના હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને બે દિકરા છે. પોતે અગાઉ લુહારી અને સુથારી કામ કરતાં હતાં. હાલ નિવૃત જીવન જીવતાં હતાં. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બીજા બનાવની વિગતો જોઅઈે તો પેડક રોડ પર મીરા પાર્ક-૩માં રહેતાં અઠાવન વર્ષના ગોવિંદભાઇ બાબુભાઇ સોલંકી નામના પ્રૌઢ સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. પોતે કમ્પ્રેશરની દુકાન ચલાવતાં હતાં. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. આપઘાતના પ્રયાસની ઘટનાઓ જોઇએ તો નવલનગરમાં રહેતાં એક યુવાને પત્નિના રોજબરોજના ઝઘડાથી કંટાળી જઇ રાંદરડા તળાવમાં ઝંપલાવી દેતાં લોકો અને ફાયર બ્રિગેડના સ્ટાફે તેને બચાવી લઇ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. નવલનગર-પમાં રહેતાં બત્રીસ વર્ષના પ્રતાપભાઇ હસમુખભાઇ ઝરીયા નામના યુવાને યાર્ડ નજીક યુવરાજનગર પાછળ રાંદરડા તળાવામાં છલાંગ લગાવી દેતાં લોકો જોઇ જતાં તેને બચાવી લઇ અર્ધબેભાન જેવી હાલતમાં બહાર કાઢી લીધો હતો. ફાયર બ્રિગેડને જાણ થતાં તરવૈયાઓ પણ પહોંચી ગયા હતાં. પ્રતાપભાઇને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને કરી હતી. પ્રતાપાભાઇ એક બહેન અને ત્રણ ભાઇમાં નાના છે અને તેને સંતાનમાં બે દિકરી છે.જ્યારે રૈયા રોડ આલાપ ગ્રીન સીટી પાસે રહેતાં ત્રીસ વર્ષના સીમાબેન વિરાજભાઇ ડોડીયા નામના પરિણીતાએ ઘરે ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પતિ-સાસરિયાના ત્રાસનો આક્ષેપ કરતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. સીમાબેન સવારે ઘરે હતાં ત્યારે સાડા નવેક વાગ્યે ફિનાઇલ પી લીધી હતી. તેણીને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. તેણીને સંતાનમાં એક દિકરો છે. તેણીએ આક્ષેપ કર્યો હતો કે હાલમાં પતિ કોઇ કામ કરતાં નથી. તેણીના મામાએ તેણીના પતિને નોકરી માટે રકમ આપી હતી. આ રકમ હજુ સુધી પતિ, સાસરિયા પરત કરતાં નથી. આ બાબતે તેણીને હેરાન કરવામાં આવતી હોવાનો આક્ષેપ થતાં પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી.

પાંચ મહિનાથી છાતીમાં દર્દની પીડા થતી હતી સારવાર છતાં ફરક નહોતો પડતો

# યુવાને ઝેર પી જિંદગી ટુંકાવી

### અન્ય બે ઘટનામાં ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડ સાથે વાત કરતી સગીરાને પિતાએ ઠપકો દેતાં ફિનાઇલ પીધુંઃ બીજી ઘટનામાં પંદર વર્ષની છાત્રાએ અકળ કારણે ફાંસો ખાધોઃ બંનેનો જીવ સારવારને કારણે બચી ગયો

રાજકોટ, તા. ૨૨

આપઘાત અને આપઘાતના પ્રયાસની અલગ અલગ ત્રણ ઘટનાઓ સામે આવી હતી. જેમાં એક યુવાને ઝેર પીને જિંદગી ટુંકાવી લીધી હતી. આ યુવાન કેટલાક મહિનાથી છાતીના દુઃખાવાથી પીડાતો હતો. આ તકલીફનું નિદાન કરાવી દવા સારવાર કરાવવા છતાં ફરક પડતો ન હોવાથી તેણે આ પગલુ ભરી લીધુ હતું. બીજી બે આપઘાતના પ્રયાસની ઘટનામાં એક સગીરાએ ગળાફાંસો ખાઇને અને બીજીએ ફિનાઇલ પીને મરી જવા પ્રયાસ કર્યો હતો. પરંતુ જીવ બચી ગયો હતો. એક સગીરાને ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડ સાથે વાત કરવા મુદ્દે ઘરમાં ઠપકો મળતાં પગલુ ભર્યુ હતું, બીજી સગીરામાં કારણ બહાર આવ્યું નહોતું.

આત્મહત્યાની ઘટના પર નજર કરીએ તો મુળ અમરેલી પંથકના અને બે વર્ષથી રાજકોટ જીલ્લાના શાપર વેરાવળમાં રહી હીરા ઘસવાનું કામ કરતાં સાડત્રીસ વર્ષના યુવાને પાંચેક મહિનાથી છાતીમાં દુઃખાવો થતો હોઇ દવા કરાવવા છતાં ફરક ન પડતો હોઇ કંટાળીને ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

શાપર વેરાવળમાં ભૂમિ ગેઇટ અંદર પંચશીલ શેરીમાં રેહતાં સાડત્રીસ વર્ષના અશોકભાઇ ગોવિંદભાઇ વાળા નામના યુવાને ઝેરી દવા પી લેતાં સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થતાં શાપર પોલીસને જાણ કરવામાં આવતાં જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને સિવિલ હોસ્પિટલ



ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર અશોકભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં નાનો હતો. મુળ અમરેલીના નવી હડીયાદનો વતની આ યુવાન બે વર્ષથી પરિવારજનો સાથે શાપર સ્થાયી થયો હતો અને રાજકોટ ખાતે હીરા ઘસવાની મજુરી કરતો હતો.તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેને પાંચેક મહિનાથી છાતીમાં દુઃખાવો થતો હોઇ દવા સારવાર ચાલુ હતાં. આમ છતાં ફેર પડતો ન હોઇ કંટાળીને પગલુ ભર્યાનું પોલીસની પ્રાથમિક પુછતાછમાં સગા સ્વજનોએ જણાવ્યું હતું. મોભીના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

અન્ય બે ઘટના જોઇએ તો અલગ અલગ કારણોસર બે સગીરાએ ફિનાઇલ પી લઇને અને ગળાફાંસો ખાઇને આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવી હતી. કોટડાસાંગાણી પંથકના ગામમાં સગીરા ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડ સાથે વાતો કરતી હોઇ પિતાએ ઠપકો આપતાં ફિનાઇલ પી ગઇ હતી. જ્યારે જસદણ પંથકના ગામમાં રહેતી અને પાંચમા ધોરણમાં અભ્યાસ કરતી પંદર વર્ષની બાળાએ અકળ કારણે ગળાફાંસો ખાતાં સારવાર માટે રાજકોટ ખસેડાઇ હતી. સોશિયલ મિડીયાના માધ્યમથી સગીર છોકરા-છોકરીઓ મિત્રતામાં બંધાઇને પછી આગળ વધી જતાં હોય છે. આ વચ્ચે કોટડા સાંગાણી પંથકના ગામમાં સત્તર વર્ષની એક સગીરા ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડ સાથે વાત કરતી હોઇ તેના પિતાને ખબર પડી જતાં માઠુ લાગી જતાં તેણે ફિનાઇલ પી લેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. આ સગીરા ચાર ભાઇ-બહેનમાં મોટી છે અને તેણીના પિતા છુટક મજૂરી કરે છે. પોલીસે વિશેષ નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

બીજી આવી ઘટના જોઇએ તો બં જસદણ પંથકના ગામમાં રહેતી અને ધોરણ-પમાં અભ્યાસ કરતી સોળ વર્ષની બાળાએ ગઇકાલે ઘરની લોખંડની બારીમાં ચુંદડી બાંધી દેહ લટકાવી દેતાં તેના મુકબધીર દાદા ઘરે એકલા હોઇ તે જોઇ જતાં તેણે તુરત જ તેણીને નીચે ઉતારી હતી અને પાડોશીઓને બોલાવી દિકરા-વહૂને ઘટનાની જાણ કરાવી હતી. બાળાને સ્થાનીક હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ત્યાંની પોલીસને જાણ કરી હતી. તેણી ત્રણ ભાંડરડામાં મોટી છે.

બાળાએ આ પગલુ શા માટે ભર્યુ? તે અંગે પરિવારજનો અજાણ હોઇ પોલીસે તપાસ યથાવત રાખી હતી. હોસ્પિટલ પોલીસ ચોકી દ્વારા આ બનાવોની જાણ જે તે પોલીસ સ્ટેશનને કરવામાં આવી હતી. આમ એક પરિવારના સ્વજને આપઘાત કરી લીધો હતો, બે પરિવારની સગીર દિકરીઓએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.


બાજુમાં રહેતાં નાના ભાઇને ત્યાં રીનોવેશન ચાલતું હોઇ પોતાના નાના દિકરા પાસે મજૂરી કરાવતાં હોઇ ના પાડતાં ડખ્ખો

# કાળઝાળ ભત્રીજાએ કાકાને ફટકારતા ઓપરેશન કરાવવું પડ્યું

**નાના દિકરા પાસે ઇંટો ઉપડાવવાને બદલે મજૂર રાખી લેવાની મુકેશભાઇએ આપેલી સલાહ ભત્રીજા આશિષને ન ગમતાં પેટમાં ગદડા-પાટા માર્યા અને દંડાથી પણ ફટકાર્યાઃ આંતરડામાં ગંભીર ઇજાઃ બી-ડિવીઝનમાં દાખલ થઇ એફઆઇઆર**

રાજકોટ, તા. ૨૨

નહિ જેવી વાતે ઉકળી ઉઠતાં ક્રોધની કાળઝાળ થઇ જતાં લોકો પોતાને તો ઠીક બીજા માટે પણ મુશીબત ઉભી કરતાં હોય છે. નાની નાની વાતે ગુસ્સો કરી મારામારી પર ઉતરી આવતાં શખ્સો ઘણીવાર પોતાના સગા કુટુંબી માટે પણ નુકસાનકારક બની જતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી હતી. જેમાં શહેરના કુવાડવા રોડ પરની સોસાયટીમાં રહેતાં એક પ્રૌઢે પોતાની બાજુમાં રહેતાં નાના ભાઇના ઘરે રીનોવેશન ચાલતું હોઇ ત્યાં તેના નાના દિકરા પાસે ઇંટો ઉપડાવવાની મજુરી કરાવાતી હોઇ જેથી પ્રૌઢે મારો દિકરો નાનો છે તેની પાસે આવુ કામ ન કરાવો અને એકાદ મજુર રાખી લ્યો તેમ કહેતાં ભત્રીજો રોષે ભરાયો હતો અને આ પ્રૌઢને એવો માર માર્યો હતો કે આંતરડામાં ગંભીર ઇજાઓ થઇ હતી. આ કારણે ઓપરેશન આવતાં પથારીવશ થઇ ગયા હતાં. પોલીસને જાણ કરતાં ગુનો દાખલ કરાયો હતો.વિગતો પર નજર કરીએ તો શહેરના કુવાડવા રોડ પર આવેલી



ચામુંડા સોસાયટીમાં રહેતા અને મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા પ્રૌઢ પર બાજુમાં જ રહેતાં ભત્રીજાએ હુમલો કરી પેટમાં બેફામ ઢીકા-પાટા મારતાં અને લાકડાના ડંડાથી પણ ફટકારતાં ઇજા થઇ છે. પેટમાં આંતરડામાં ગંભીર ઇજા થતાં ઓપરેશન કરાવવું પડ્યું હતું. પ્રૌઢના પંદર વર્ષના દિકરાને ભત્રીજો પોતાના મકાનના રિનોવેશન વખતે ઇંટો ઉપડાવતો હોઇ પ્રૌઢે પોતાના દિકરા પાસે કામ ન કરાવડાવી મજૂર રાખી લેવાનું કહેતાં આ મારામારી કરી હતી. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે કુવાડવા રોડ ચામુંડા સોસાયટી-૨માં રહેતાં ચોપન વર્ષના મુકેશભાઇ મનુભાઇ ચેખલીયાની ફરિયાદ પરથી તેના જ ભત્રીજા આશિષ અરવિંદભાઇ ચેખલીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. મુકેશભાઇ ચેખલીયા પરિવાર સાથે રહે છે અને છુટક મજૂરી કરે છે. તેમને સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. જેમાં સૌથી નાનો દિકરો યશ પંદર વર્ષનો છે. ફરિયાદમાં જણાવેલી વિગતો મુજબ ત્રેવીસમી જુનના રોજ રાતે નવેક વાગ્યે મુકેશભાઈ પોતાના ઘરે હાજર હતા. તે સમયે બાજુમાં રહેતા તેમના નાનાભાઈ અરવિંદભાઈના ઘરે મકાનના રીનોવેશનનું કામ ચાલુ હતું, જ્યાં મુકેશભાઈનો પંદર વર્ષનો નાનો દીકરો યશ ઈંટોના કટકા લેવડાવતો હતો. આ જોઈ મુકેશભાઈએ નાના ભાઇ અરવિંદભાઈ તથા તેમના દિકરા આશીષને કહ્યું હતુ કે-મારો દિકરો નાનો છે, જેથી તમે એક વધારે મજૂર રાખી લો અને એની પાસે કામ ન કરાવો. કાકાની આ વાત સાંભળી ભત્રીજો આશીષ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને કાકા મુકેશભાઈ સાથે બોલાચાલી કરી ભૂંડી ગાળો આપવા લાગ્યો હતો. ત્યારબાદ આશીષે કાકા મુકેશભાઈને પેટના ભાગે ઢીકા-પાટુનો માર માર્યો હતો અને બાજુમાં પડેલો લાકડાનો ડંડો ઉપાડી આડેધડ શરીર પર ઘા ફટકાર્યા હતાં. દેકારો થતાં આસપાસના લોકો ભેગા થઈ જતાં મુકેશભાઈને વધુ મારથી છોડાવ્યા હતા. જતાં જતાં આશીષે ધમકી આપી હતી કે-હવે પછી તારા દિકરાને કામ કરવાની ના પાડીશ તો તને જાનથી મારી નાખીશ. હુમલા બાદ મુકેશભાઈને પેટના ભાગે અસહ્ય દુખાવો ઉપડતાં તેઓ સારવાર અર્થે રાજકોટની સરકારી હોસ્પિટલ પહોંચ્યા હતા. પ્રાથમિક સારવાર મેળવ્યા બાદ ચાર-પાંચ દિવસ દવા લીધા છતાં દુઃખાવામાં ફેર ન પડતાં, ૨૮મીએ તેઓ ફરીથી સરકારી હોસ્પિટલમાં દાખલ થયા હતા. જ્યાં તબીબી રિપોર્ટ કરાવતાં પેટમાં આંતરડાના ભાગે ગંભીર ઈજા થઈ હોવાનું માલુમ પડતાં તબીબોએ તેમનું ઓપરેશન કર્યુ હતું. તબીયતમાં સુધારો આવ્યા બાદ હોસ્પિટલમાંથી રજા મળતાં મુકેશભાઈએ ગુના અંગે પોલીસ સ્ટેશન પહોંચી પોતાના ભત્રીજા આશીષ વિરૂધ્ધ ફરિયાદ કરતાં બી-ડિવીઝનના ઇન્સ. જી. આર. ચૌહાણના માર્ગદર્શનમાં એએસઆઇ લાલજીભાઇ ડાંગરે ફરિયાદ દાખલ કરી હતી. આમ નહિ જેવી વાતે ભત્રીજાએ કાળઝાળ થઇ કાકાને એવો માર માર્યો હતો કે તેમના આંતરડામાં ગંભીર ઇજાઓ થતાં ઓપરેશન આવ્યું હતું અને કાકા પથારીવશ થઇ ગયા હતાં. હવે ભત્રીજા સામે કાયદેસરની એફઆઇઆર દાખલ કરાવતાં ભત્રીજાને પણ આરોપી બનવાની નોબત આવી હતી.

# પેડક રોડ પર ગેરકાયદે ચાલતી 'ન્યૂ ફ્લોરા સ્કૂલ' થશે બંધ

## શિક્ષણના હાટડા પર DEOની મોટી કાર્યવાહી : વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતના પર્દાફાશ બાદ શિક્ષણ તંત્ર હરકતમાં: બિનઅધિકૃત રીતે ચાલતી શાળા સામે ૧ લાખથી વધુ દંડ ફટકારવાની તૈયારી, ૪૫૦ વિદ્યાર્થીઓને જૂના બિલ્ડિંગમાં શિફ્ટ કરાશે

રાજકોટ, તા. ૨૨

રાજકોટ શહેરમાં શિક્ષણ વેપાર બની ગયું હોય તેમ મંજૂરી વિના ધમધમતી શાળાઓ સામે જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) કચેરીએ કડક વલણ અપનાવ્યું છે. શહેરના પેડક રોડ પર આવેલી 'ન્યૂ ફ્લોરા સ્કૂલ' છેલ્લા બે વર્ષથી શિક્ષણ વિભાગની સ્થળ ફેરફારની કોઈ પણ જાતની મંજૂરી મેળવ્યા વિના ગેરકાયદેસર રીતે ચાલતી હોવાનો પર્દાફાશ થયો છે. ગુજરાત કોંગ્રેસના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવક્તા અને લડાયક વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતની રજૂઆત બાદ રચાયેલી તપાસ સમિતિના રિપોર્ટમાં આ ચોંકાવનારી વિગતો સામે આવતાં હવે આ સ્કૂલને તાળાં વાગવાની નોબત આવી છે.

સ્થાનિકો અને વિદ્યાર્થીનેતાના જણાવ્યા અનુસાર, જ્યાં અત્યારે શાળા ચલાવવામાં આવી રહી હતી તે જગ્યા પર અગાઉ સાડીનું કારખાનું ધમધમતું હતું.

ત્યારબાદ ત્યાં શેડ ઊભો કરી દેવામાં આવ્યો અને છેલ્લા બે વર્ષથી શિક્ષણ વિભાગની પરવાનગી વગર જ પ્રાથમિક શાળા શરૂ કરી દેવાઈ હતી. વિદ્યાર્થીઓ પાસેથી મોંઘીદાટ ફી વસૂલવામાં આવતી હોવા છતાં તેમની સુરક્ષા અને સુવિધાઓ સામે ગંભીર સવાલો ઊભા થયા હતા. જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ગઠિત એજ્યુકેશન ઈન્સ્પેક્ટરની અધ્યક્ષતાવાળી તપાસ કમિટીએ સ્થળ પર પહોંચીને રૂબરૂ તપાસ કરી નિવેદનો લીધા હતા. તપાસમાં સ્થળ ફેરફારનો ગુનો સાબિત થતાં હવે શાળાની માન્યતા રદ કરવા અને દંડ ફટકારવા માટે નોટિસ ફટકારવાની કવાયત હાથ ધરાઈ છે.




### RTE નિયમ ૧૪ હેઠળ માન્યતા રદ થશે અને દંડ વાગશે

ગુજરાત RTE નિયમો, ૨૦૧૨ ના નિયમ ૧૪ અનુસાર, જો કોઈ શાળા મંજૂરી વગર સ્થળ બદલે અથવા મંજૂર થયેલી ઈમારત સિવાય અન્ય જગ્યાએ શાળા ચલાવે તો તે માન્યતાની શરતોનો ભંગ ગણાય છે. તંત્ર દ્વારા શાળા સંચાલકોને કારણ દર્શાવો નોટિસ આપવામાં આવશે.આ ગંભીર બેદરકારી બદલ સ્કૂલને રૂ. ૧ લાખથી વધુનો દંડ ફટકારવામાં આવશે. પ્રક્રિયાના અંતે શાળાની માન્યતા રદ કરવાની કાયદાકીય કાર્યવાહી કરાશે.

### ૪૫૦ વિદ્યાર્થીઓના ભવિષ્યનું શું?

ન્યૂ ફ્લોરા અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં ધોરણ ૧ થી ૮ માં આશરે ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. શાળાનું નવું ગેરકાયદેસર બિલ્ડિંગ બંધ કરી તમામ વિદ્યાર્થીઓને અડધો કિલોમીટર દૂર આવેલા શાળાના જૂના અને મંજૂરીવાળા બિલ્ડિંગ ખાતે શિફ્ટ કરવા પડશે. વાલીઓ મોંઘી ફી આપતા હોવાથી બાળકોને યોગ્ય સુવિધા અને સુરક્ષા મળે તે જરૂરી છે.

### આખરી નિર્ણય ૧-૨ દિવસમાં: DEO દીક્ષિત પટેલ

રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે આ અંગે જણાવ્યું હતું કે, ''ન્યૂ ફ્લોરા સ્કૂલ દ્વારા મંજૂરી વિના સ્થળ ફેરફાર કરવામાં આવ્યો હોવાની રજૂઆત મળતાં તપાસ કમિટી બનાવી હતી. કમિટીએ પોતાનો તપાસ અહેવાલ સુપ્રત કરી દીધો છે. આ રિપોર્ટના આધારે સ્કૂલ સામે કેવા પ્રકારના આકરા પગલાં લેવા તેનો આખરી નિર્ણય આગામી એક-બે દિવસમાં લેવામાં આવશે.''

# સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૧૧૩ કરોડના વિકાસકામોને મંજૂરી



## ૧૮ માંથી ૧૭ દરખાસ્ત મંજૂર : પ્રજાના નાણાંનો વ્યય અટકાવવા ૫ કરોડની લાખાજીરાજ શાક માર્કેટ રિનોવેશનની દરખાસ્ત રદ્દ

રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકાની આજે એક અત્યંત મહત્વપૂર્ણ સ્ટેન્ડિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. શહેરના સંતુલિત વિકાસ, માળખાગત સુવિધાઓ અને નાગરિકોની પ્રાથમિક જરૂરિયાતોને ધ્યાને રાખીને આ બેઠકમાં કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સ પર ગંભીરતાથી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.બેઠક પૂર્ણ થયા બાદ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને આપેલી વિગતો અનુસાર, મ્યુનિસિપલ કમિશનર દ્વારા કુલ ₹૧૧૩ કરોડના ખર્ચ ધરાવતી ૧૮ વિવિધ વિકાસ કાર્યોની દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી. પ્રજાના ટેક્સના પૈસાનો યોગ્ય ઉપયોગ થાય તેવા સ્પષ્ટ અભિગમ સાથે કમિટીએ આમાંથી ૧૭ દરખાસ્તોને લીલી ઝંડી આપી દીધી છે.

ચોંકાવનારી બાબત એ છે કે રજૂ થયેલી ૧૮ દરખાસ્તો પૈકી વોર્ડ નં. ૭ માં આવેલી ઐતિહાસિક લાખાજીરાજ શાક માર્કેટના રિનોવેશન માટેની ₹૫ કરોડની દરખાસ્ત કમિટીએ નામંજૂર (નાકામ) કરી છે. ચેરમેને જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ પાછળ દર્શાવવામાં આવેલો અંદાજિત ખર્ચ વર્તમાન જરૂરિયાત કરતાં ઘણો વધારે હતો. પ્રજાના નાણાંનો બગાડ ન થાય તે માટે આ દરખાસ્ત હાલ પૂરતી રદ્દ કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સ્થાયી સમિતિએ વહીવટી અને નાણાકીય નિર્ણયો લેતી સૌથી મહત્વપૂર્ણ અને સત્તાધારી કમિટી ગણાય છે. શહેરના વિકાસ, માળખાકીય સુવિધાઓ, નાણાકીય મંજૂરીઓ અને નાગરિક સેવાઓને લગતા તમામ મહત્વના નિર્ણયો સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવામાં આવે છે. નિયમ મુજબ દર મહિને (અથવા જરૂરિયાત મુજબ પખવાડિયામાં) સ્ટેન્ડિંગ કમિટીની બેઠકનું આયોજન કરવામાં આવે છે. સ્ટેન્ડિંગ કમિટીની પ્રતિમાસ મળતી બેઠકો એ પ્રજાના નાણાંનો યોગ્ય અને પારદર્શક ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવાનું એક સક્ષમ માધ્યમ છે. દરખાસ્તો પર થતી વિગતવાર ચર્ચાને કારણે શહેરના વિકાસ કાર્યોને વેગ મળે છે અને વહીવટી તંત્ર પર લોકશાહી ઢબે અંકુશ જળવાઈ રહે છે.

### રસ્તાના ખાડા પૂરવામાં કોન્ટ્રાક્ટરની લોલમલોલ નહીં ચાલે!

ચોમાસાની ઋતુમાં નાગરિકો માટે માથાનો દુખાવો બનતા રસ્તાના ખાડાઓની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા સ્ટેન્ડિંગ કમિટીએ અત્યંત કડક વલણ અપનાવ્યું છે. ખાડા પૂરવાની કામગીરી કરનાર કોન્ટ્રાક્ટર પાસેથી બે વર્ષની લેખિત ગેરંટી લેવામાં આવશે. જો ખાડા પૂર્યા બાદ ૨ વર્ષની અંદર ત્યાં ફરીથી કોઈ સમસ્યા સર્જાશે, તો તેની તમામ જવાબદારી અને સુધારાનો ખર્ચ સંબંધિત એજન્સીએ જ ભોગવવો પડશે. માત્ર થીગડાં મારવાને બદલે કામગીરીની ક્વોલિટી જળવાય તે માટે ખાસ શરતો મૂકવામાં આવી છે.

## રાજકોટ મનપામાં કરોડોની ગોલમાલ?

# નવ વર્ષથી પેન્ડિંગ ૨૭૫ બીલોનું ચક્રવ્યૂહ!

રાજકોટ, તા. ૨૨

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (RMC) માં વર્ષો જૂના શંકાસ્પદ અને આડેધડ થયેલા ખર્ચાઓના બીલ ચૂકવવામાં મોટા પાયે ગોલમાલ ચાલી રહી હોવાની શંકાઓ વચ્ચે એક ચોંકાવનારો વિસ્ફોટ થયો છે. સામાન્ય સભામાં પૂછાયેલા પ્રશ્નના લેખિત જવાબમાં તંત્રએ સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે, વર્ષ ૨૦૧૭થી ૨૦૨૬ સુધીના ૯ વર્ષમાં પોણા ત્રણસો જેટલા લાખો રૂપિયાના બીલો હજુ સુધી પેન્ડિંગ પડ્યા છે! જેમાં સૌથી વધુ ચર્ચાસ્પદ બનેલા સાંસ્કૃતિક અને સમાજ કલ્યાણ વિભાગના જ અધધ ૧૯૯ બીલનો સમાવેશ થાય છે. આ આંકડો સામે આવતા જ મનપાના ભ્રષ્ટ વહીવટ અને આડેધડ કરાતા ખર્ચાઓ સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

સાંસ્કૃતિક વિભાગના ખુલાસા મુજબ, રાજ્ય સરકાર અને કોર્પોરેશનના વિવિધ પ્રોગ્રામો જેવા કે મહાનુભાવોની જન્મજયંતિ પર પુષ્પાંજલિ, યોગ દિવસ, પતંગ ઉત્સવ, સંગીત સંધ્યા તેમજ લોકાર્પણ અને ખાતમુહૂર્ત જેવા કાર્યક્રમો પાછળ આડેધડ ખર્ચ કરવામાં આવ્યો હતો. આશ્ચર્યની વાત તો એ છે કે, અગાઉથી મંજૂરી લીધા વગર કે નિયમો કોરે મૂકીને કરાયેલા આ ખર્ચાઓના બીલ વર્ષો સુધી મંજૂર થઈ શક્યા નથી. આ પેન્ડિંગ બીલોમાંથી એકાદ બે બીલ તો હાલ વિજીલન્સ તપાસ હેઠળ પણ હોવાનું બહાર આવ્યું છે!

**સમાજ કલ્યાણ અને સાંસ્કૃતિક વિભાગના જ ૧૯૯ બીલ અદ્ધરતાલ: અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો વચ્ચે 'સેટિંગ'ની આશંકા**

### સ્ટેન્ડિંગ કમિટીનો 'માસ્ટરસ્ટ્રોક': બે મહિના જૂના બીલ મંજૂર નહીં થાય!

ભૂતકાળમાં પણ શાસકો દ્વારા જૂના બીલ ન મોકલવા સૂચનાઓ અપાઈ હતી, છતાં 'કાનૂની છટકબારી' શોધીને અધિકારીઓ બીલો રજૂ કરતા રહ્યા છે. પરંતુ હવે સ્ટેન્ડિંગ કમિટીએ કડક વલણ અપનાવતા સ્પષ્ટ કરી દીધું છે કે અનિવાર્ય સંજોગો સિવાય બે મહિનાથી વધુ જૂના બીલ સાથેની દરખાસ્ત હવેથી મંજૂર કરવામાં આવશે નહીં. નવા વર્ષથી જૂના બીલો સ્ટેન્ડિંગ કમિટીમાં નહીં મોકલવાની સ્પષ્ટ સૂચનાથી ૧૯૯ બીલોના ચૂકવણા અટકી પડ્યા છે, જેના કારણે આ બીલો સાથે જોડાયેલા કોન્ટ્રાક્ટરો અને બેકડોરથી ભલામણ કરનારા તત્વોના જીવ અધ્ધર થઈ ગયા છે.નવા વર્ષથી જૂના બીલો સ્ટેન્ડિંગ કમિટીમાં નહીં મોકલવાની સ્પષ્ટ સૂચનાથી ૧૯૯ બીલોના ચૂકવણા અટકી પડ્યા છે, જેના કારણે આ બીલો સાથે જોડાયેલા કોન્ટ્રાક્ટરો અને બેકડોરથી ભલામણ કરનારા તત્વોના જીવ અધ્ધર થઈ ગયા છે.

### કોન્ટ્રાક્ટર - મનપાની 'કટકી-નીતિ' ?

કોર્પોરેશનમાં એક એવી છાપ પડી ગઈ છે કે કામ કર્યા પછી મહિનાઓ કે વર્ષો સુધી પેમેન્ટ મળતું નથી. આ માનસિકતાનો લાભ લઈને કોન્ટ્રાક્ટરો અગાઉથી જ બજારભાવ કરતા ઊંચા અને ચડાવીને ભાવ મૂકે છે. જો મનપા સમયસર અને મર્યાદિત દિવસોમાં જ પેમેન્ટ ચૂકવી દે, તો ઘણા સારા કોન્ટ્રાક્ટરો કામ કરવા તૈયાર થાય અને તિજોરીને વાજબી ભાવે કામ મળે. અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી બીલ લંબાવવામાં આવે છે જેથી પાછળથી મોટા આંકડાના બીલ પાસ કરાવી શકાય!

### પેન્ડિંગ બીલનો 'અસલી ખેલ' શું ?

૯ વર્ષ સુધી બીલ કેમ દબાઈ રહ્યા? ૨૦૧૭ના બીલ ૨૦૨૬ સુધી કેમ પેન્ડિંગ રાખવામાં આવ્યા? શું તંત્ર કોઈ ખાસ 'મોકા'ની રાહ જોતું હતું? અધિકારીઓ સામે પગલાં ક્યારે? જે તે સમયે નિયમ વગર આડેધડ ખર્ચ કરવાની મંજૂરી આપનાર જવાબદાર અધિકારીઓ સામે ક્યારે કાર્યવાહી થશે? ચૂકવણું થશે કે હોળી અગિયારસ? સ્ટેન્ડિંગના નવા નિયમ પછી હવે આ ૧૯૯ બીલો કચરાપેટીમાં જશે કે પછી પાછલા બારણેથી 'રસ્તો' કાઢવામાં આવશે?

# તંત્રની 'નીંભરતા'નું 'ડાયરેક્ટ પમ્પિંગ'

## પાણીચોરી સામે કાર્યવાહી કે માત્ર 'નોટિસની રમત'? : બે-બે જનરલ બોર્ડ ગાજ્યા છતાં અધિકારીઓની 'રિક્વેસ્ટ મોડ' નીતિ ડુપ્લીકેટ ચાવીથી વાલ્વ ખુલ્યા, પણ તંત્રએ ગુનેગારોને દંડવાના બદલે 'ચાવી જમા કરાવો'ની વિનંતી કરી!

રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકામાં તંત્ર કેટલું 'નીંભર' અને નિષ્ક્રિય બની ચૂક્યું છે તેનો બોલતો પુરાવો મનપાના જનરલ બોર્ડમાં જોવા મળ્યો છે. શહેરમાં પાણીચોરી અને અસમાન પાણી વિતરણ સામે જનરલ બોર્ડમાં બે-બે વખત કોર્પોરેટરોએ અવાજ ઉઠાવવો પડ્યો, ત્યારે માંડ તંત્ર ઊંઘમાંથી જાગ્યું છે. પરંતુ, ચોંકાવનારી વાત એ છે કે પાણીચોરી કરનારા તત્વો સામે દાખલારૂપ કડક કાર્યવાહી કરવાના બદલે તંત્ર માત્ર 'નોટિસોની હોળી' રમીને અને આસામીઓને 'વિનંતી' કરીને સંતોષ માની રહ્યું હોય તેવો ઘાટ સર્જાયો છે. રાજકોટમાં વેસ્ટ ઝોનના મવડી વિસ્તારમાં અધિકારીઓએ ફરી ત્રણ જગ્યાએ પાણીચોરી પકડી પાડી છે, પરંતુ આખી સિસ્ટમ જે રીતે ચાલે છે તે જોતાં ચોર સામેથી આવીને 'ચોરી નહીં કરું' એમ કહે તેની તંત્ર રાહ જોઈ રહ્યું હોય તેમ લાગે છે!

વોર્ડ નં. ૧૧ માં ડે. કમિશનર ચેતન નંદાણી અને સિટી એન્જિનિયર કુંતેશ મહેતાના માર્ગદર્શન હેઠળ ચેકિંગ ડ્રાઈવ ગોઠવવામાં આવી હતી. મવડી વિસ્તારની ગીરનાર સોસાયટીમાં લાઈન પર ગેરકાયદેસર રીતે મોટર મૂકી પાણી ખેંચતા ગોવિંદભાઈ સબાડ, ગીરીશભાઈ ટાટમીયા અને પ્રફુલભાઈ ભરડવા ઝડપાયા હતા. આ તમામ પાસેથી માત્ર રૂ. ૨,૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. લાખો રૂપિયાનું પાણી ચોરી જતાં તત્વો માટે આ ૨,૦૦૦ રૂપિયાનો દંડ એ કોઈ સજા નથી પણ 'લાયસન્સ ફી' સમાન બની ગયો છે!



### 'વિનંતી' છોડી ક્યારે થશે 'દંડનાત્મક કાર્યવાહી'

એક તરફ પ્રમાણિકપણે વેરો ભરતો સામાન્ય નાગરિક ઓછું કે દૂષિત પાણી મેળવીને હેરાન થાય છે, અને બીજી તરફ ચોરી કરનારાઓ ડુપ્લીકેટ ચાવીઓ બનાવીને આખેઆખી લાઈનો ખેંચી જાય છે. મનપાનું તંત્ર જો આવી જ રીતે ''ચાવી જમા કરાવો'' જેવા વિનંતી મોડમાં રહેશે, તો રાજકોટમાં ક્યારેય સમાન પાણી વિતરણ શક્ય બનશે નહીં. હવે જોવાનું એ રહે છે કે મનપા તંત્ર પોતાની નીંભરતા છોડીને પાણીચોરો સામે ખરા અર્થમાં 'બુલડોઝર' જેવી કડક કાનૂની કાર્યવાહી કરશે કે પછી નોટિસોના કાગળો ફાડીને સંતોષ માનશે!

### ડુપ્લીકેટ ચાવીથી વાલ્વ ખોલ્યા, ને તંત્રએ આપી 'પ્રેમપત્ર' જેવી નોટિસ!

જનરલ બોર્ડમાં એ વાતનો સત્તાવાર સ્વીકાર થયો કે શહેરની અનેક સોસાયટીઓ અને બિલ્ડિંગોમાં બારોબાર નકલી/ડુપ્લીકેટ ચાવીઓ બનાવીને વાલ્વ ખોલી નાખવાની ગંભીર પ્રવૃત્તિ ચાલે છે. આમ છતાં, આ કાયદાકીય ગુના બદલ કોઈ મિલકતધારક સામે કડક પોલીસ ફરિયાદ કે મસમોટો દંડ ફટકારવાને બદલે મનપાએ ૧૦૯૭ આસામીઓને નોટિસ આપીને 'ચાવીઓ જમા કરાવી દેવા'ની નમ્ર વિનંતી કરી છે! તંત્રની આવી લાચારી જોઈને ચોરો પણ મનમાં હસતા હશે.

### કમિશનરના ૧ મહિનાના વાયદાનું શું થયું?

છેલ્લા ૨૫ દિવસમાં મળેલી બે-બે જનરલ બોર્ડની બેઠકોમાં પાણી ચોરી, દૂષિત પાણી, અપૂરતું દબાણ અને વાલ્વમેનની મનમાની જેવા મુદ્દા ગાજ્યા હતા. ત્યારે કમિશનરે ''એક મહિનામાં તમામ સમસ્યાનો ઉકેલ આવી જશે'' તેવો આશ્વાસનરૂપી જવાબ આપ્યો હતો. પરંતુ એક મહિનો પૂર્ણ થવા આવ્યો છતાં પરિસ્થિતિ 'જૈસે થે' છે. તંત્રના ઉત્તરો માત્ર કાગળ પર જ ચમકે છે, વાસ્તવિકતામાં પ્રજા પાણી માટે તરસતી રહે છે.

### તંત્રની નીંભરતા પર સીધા પ્રહારો!

ચોરી કરનારા સામે કડક ઋઈંછ દાખલ કરવાને બદલે માત્ર નોટિસો આપીને આબરૂ બચાવવાનો પ્રયાસ.સામાન્ય નાગરિકોને ''પાણી બચાવો અને સમાન ઉપયોગ કરો''ની શિખામણ આપતું તંત્ર, પોતે ભૂતિયા કનેક્શનો કાપવામાં પાંગળું પુરવાર થયું છે. બારોબાર વાલ્વ ખોલવાની ડુપ્લીકેટ ચાવીઓ બની જાય ત્યાં સુધી વોટર વર્ક્સ વિભાગ ઊંઘતો રહ્યો? કે પછી સ્થાનિક કર્મચારીઓની મિલીભગત છે?